
Registered Under Rni No. GUJGUJ/2010/30943
Under Postal Regd. No. GAMC - 1745/2023-2025 Issued By SSP, Ahmedabad Valid Upto 31/12/2025
Published At 1st Of Every Month Permitted To The Post Of A'bad PSO On 3rd Of Every Month
License To Post Without Prepayment No.: PMG/NG/129/2024-2025 Valid Upto 31.12.2025

# યુવા સાથી
(Yuva Saathi Gujarati Monthly)



## સંવિધાન અને શરિયતની ચર્ચા : પડદા પાછળ શું છે!

VOL. NO. 16, ISSUE NO. 01 ₹25 JANUARY 2025




એક અવાજ – એક ઉમંગ – એક ચળવળ

જેમના માથે ભારતના ભવિષ્યના ઘડતરની જવાબદારી છે
એવા નિષ્ઠાવાન યુવા મિત્રો તરફથી પ્રકાશિત થતું
એકમાત્ર ગુજરાતી સામયિક યુવાસાથી

સત્ય અને ન્યાયનો વાહક
તટસ્થ અને નીડર વિશ્લેષણ
પ્રગતિ અને સમૃદ્ધિનો વાહક
શાંતિમય સમાજના નિર્માણ માટે
બાળકોના નૈતિક ઘડતર માટે
યુવાનોને સાચી દિશા ચીંધનાર
યુવાનોના દિલની ધડકન

| | |
|---|---|
| તમારા આ નિષ્ઠાવાન પ્રયત્નોના લીધે આ હૃદયપૂર્વકનો અવાજ દેશના ખૂણે-ખૂણે ગૂંજી ઊઠશે. ઈન્શાઅલ્લાહ. | વાર્ષિક લવાજમ : રૂ.૩૦૦/-<br>ત્રિવાર્ષિક લવાજમ : રૂ. ૭૫૦/- |

મેનેજર, યુવાસાથી ગુજરાતી માસિક : બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી,
૧૩૨ ફુટ રિંગ રોડ, જુહાપુરા, અહમદાબાદ -૩૮૦૦૫૫ | M. 9510008614

**YUVASAATHI (GUJARATI MONTHLY)**
BANK A/C. NO.: **163110100029661 - (Only NEFT)**
BANK: **BOMBAY MERCANTILE CO-OP BANK LTD**
IFSC CODE: **BMCB0000039**
AFFILIATED : **AXIS BANK LTD**

UPI ID: rashidhussain.jih@oksbi

**આપની જાહેરાત તેમજ સ્પે. ડોનેશન આપી "યુવાસાથી"ને સદ્ધર બનાવી સમાજના નવનિર્માણમાં આપનો સાથ-સહકાર આપો.**

માસિક
# યુવા સાથી
સત્યનો સારથિ

વર્ષ : ૧૬, અંક : ૦૧ | જાન્યુઆરી ૨૦૨૫ | પેજ : ૩૬

www.yuvasaathi.com

instagram.com/yuvasaathiguj - facebook.com/yuvasaathiguj - twitter.com/yuvasaathiguj

**સંપાદક મંડળ**

**• એડિટર ઇન ચીફ •**
જાવેદઆલમ કુરૈશી

**• એડિટર •**
જાબિર માનિગર

**• સભ્યો •**
ઇબ્રાહીમ શેઠ
ડૉ. સાકિબ મલિક
રાશિદ કુરેશી
મૌલાના અબ્દુર્રહમાન ફલાહી
ઇમરાન રાજપૂત
હુદા મોમિન
તસ્નીમ વહોરા

95 1000 8614
yuvasaathi.monthly@gmail.com

**વાર્ષિક લવાજમ :** રૂ.૩૦૦/-
**ત્રિવાર્ષિક લવાજમ :** રૂ. ૭૫૦/-

Printed and published by **Rashid Hussain Akhtar Husain Shaikh** on behalf of **STUDENTS ISLAMI ORGANISATION OF INDIA, GUJARAT ZONE** and Printed at **Unique Offset**, N.R. Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and published from **B/4, Karishma Complex, Near Sarni Society, 132 Feet Ring Road, Juhapura, Ahmedabad - 380055 I Editor : Rashid Husain Akhtar Husain Shaikh**

## ગઝલ

તડપ ને તપનું સંયોજન તમે હાથે કરી ખોયું;
ત્વચા ને મનનું સમતોલન તમે હાથે કરી ખોયું.

તમે સંતોની કીકીમાં જગતનું બિંબ જોઈને,
સગી આંખોનું અવલોકન તમે હાથે કરી ખોયું.

હૃદયના ભાવને ભીતરથી લઈને હાથ પર મૂકી,
ધબકતા લોહીનું કંપન તમે હાથે કરી ખોયું.

વિકલ્પોના ચરણમાં યાદનાં ફૂલો ધરી દઈને,
સુગંધી ભાસનું ચંદન તમે હાથે કરી ખોયું.

બુલંદી પર તમારા નામના ઝંડાને ફરકાવી,
હતું મીઠું જે સંબોધન તમે હાથે કરી ખોયું.

નહીં એ આવશે—એવા વિચારોનો કરી વિપ્લવ,
પ્રતીક્ષાનું એ સિંહાસન તમે હાથે કરી ખોયું.

બરફ તોડી, બરફનું હાર્દ જોવાના પ્રયાસોમાં,
ઠરેલા જળનું સંવેદન તમે હાથે કરી ખોયું

*અશરફ ડબાવાલા*

★ લેખકના વિચારોથી સંગઠન અથવા સંપાદકમંડળનું સહમત હોવું જરૂરી નથી.

## દિવ્ય કુર્આન

**"આકાશો અને ધરતીમાં જે કંઇ છે, બધું અલ્લાહનું છે. તમે પોતાના હૃદયની વાતો ચાહે જાહેર કરો, ચાહે છુપાવો, અલ્લાહ ચોક્કસપણે તેનો હિસાબ તમારા પાસેથી લઇ લેશે. પછી તેને અધિકાર છે, જેને ચાહે માફ કરી દે અને જેને ચાહે સજા આપે. તેને દરેક વસ્તુ ઉપર સામર્થ્ય પ્રાપ્ત છે."**

**(સૂરઃ બકરહ-૨૮૪)**

## અનુક્રમણિકા


**૦૫**
**પૈગામ**
સંવિધાન અને શરિયતની ચર્ચાઃ પડદા પાછળ શું છે!

**૦૯**
**મૂળ પ્રશ્ન**
કુપોષણની ભયાવહ સમસ્યા, રાજકીય 'ગંભીરતા' અને આપણી ભૂમિકા

**૧૧**
**વૈશ્વિક બાબતો**
વૈશ્વિક શક્તિઓ અને સીરિયન સંઘર્ષ

**૧૩**
**ગણતંત્ર દિવસ વિશેષ**
સામાજિક ગણતંત્રનું સ્વપ્ન હજુ અધૂરું

**૧૫**
**વિશેષ ચર્ચા**
જીવ-સૃજન, વિજ્ઞાન અને ધાર્મિક માન્યતાઓ

**૧૯**
**સૌંદર્ય બોધ**
બુદ્ધિ, વિવેક અને સત્યનો સંદેશ

**૨૧**
**આરોગ્ય**
સાવધાન, શિયાળામાં સ્ટ્રોકનો ખતરો

**૨૩**
**કરિયર**
ક્લાઉડ કોમ્પ્યુટિંગમાં વધી રહી છે તકો

**૨૫**
**પ્રકાશ સ્તંભ**
સત્યનો કોઈ વિકલ્પ નથી

**૨૭**
**રિપોર્ટ**
અલ-નૂર લિટ્રેચર ફેસ્ટિવલ

**૩૦**
**ચિંતન**
અંતિમ માર્ગદર્શક

**૩૨**
**છેલ્લું પૃષ્ઠ**
આશાનો દીપક સતત પ્રગટાવતા રહો


WWW.YUVASAATHI.COM

શકીલ અહમદ રાજપૂત

# સંવિધાન અને શરિયતની ચર્ચા : પડદા પાછળ શું છે!



સમગ્ર દેશની રાજનીતિને મુસ્લિમ કેન્દ્રિત કરી દેવામાં આવી છે. કોઈ પણ મુદ્દો હોય ગમે ત્યાંથી મુસ્લિમોના નામે ચગાવવામાં આવે છે. એક વિશેષ સમુદાય પ્રતિ નકારાત્મક છબી ઊભી કરવા માટે આ એક મનોવૈજ્ઞાનિક રીત છે. નેતાઓના ભાષણથી લઈને મીડિયાની ડિબેટસ સુધી, ડ્રામાથી લઈને ફિલ્મો સુધી, ઈસ્લામ કે મુસલમાનો સાથે જોડાયેલી વસ્તુઓ પ્રત્યે સતત દુષ્પ્રચાર કરવામાં આવે છે. થોડા દિવસો પહેલાં ગૃહ મંત્રીને એક પ્રશ્ન કરવામાં આવ્યો કે શું મુસલમાનોને શરિયત અને હદીસ પર ચાલવાની સ્વતંત્રતા નથી? તેના ઉત્તરમાં તેઓ કહે છે કેઃ "અંગ્રેજોએ શરીયા લૉ બનાવ્યો અને તેમાંથી ક્રિમિનલ લો કાઢી દીધા, ચોરી કરનારના હાથ કાપો, બળાત્કારીને પથ્થર મારી મારી નાંખો, મુસલામાન સેવિંગ અકાઉન્ટ નથી ખોલી શકતા, વ્યાજ નથી લઈ શકતા, લૉન નથી લઈ શકતા, શરિયત અને હદીસ પ્રમાણે જીવવું હોય તો સંપૂર્ણપણે તે રીતે જીવો. માત્ર ચાર શાદી કરવા માટે શરિયત અને હદીસ કેમ યાદ આવે છે? મુસલમાન શરીયત અને હદીસથી અંગ્રેજોના જમાનાથી કપાયેલો છે. ઘણા બધા મુસ્લિમ દેશોએ પણ આ છોડી દીધું છે. આ કોંગ્રેસની વોટ બેંકની રાજનીતિ છે, લઘુમતીઓને તેનાથી બહાર આવવું જોઈએ."

શું પર્સનલ લૉ પર અમલ કરવાની આઝાદી આપવી એ તૃષ્ટીકરણ છે ? તમે પોતે દિલ પર હાથ મૂકીને જવાબ આપો ! દરેક સમજુ નાગરિક એ કહેશે કે ના એ તો તેમનો સંવિધાનિક અધિકાર છે. શું આ પર્સનલ લૉ માત્ર મુસ્લિમો માટે છે? શું બીજા ધાર્મિક સમુદાયો

માટે નથી?!! પછી શું કામ જનતાને ભરમાવવામાં આવે છે. જો કોંગ્રેસે સાચે જ મુસ્લિમ અપીઝ્મેન્ટ (તૃષ્ટીકરણ)ની રાજનીતિ કરી હોત તો શું મુસલમાનોની એ દશા હોત જે આજે દેખાઈ રહી છે? આવા નેરેટીવ (કથાનક) બનાવી એક બાજુ બહુમતીને કોંગ્રેસ અને મુસલમાનોથી ભ્રમિત કરવામાં આવી રહી છે તો બીજી બાજુ વિપક્ષને હિંદુત્ત્વની પીચ ઉપર લડાવી, લઘુમતીઓને વધુ હાંસિયામાં ધકેલવાની ચાલ છે. બીજું મુસલમાનો અંગ્રેજોના જમાનાથી શરિયતથી કપાયેલા નથી બલ્કે તેમના સમયથી તેઓને પર્સનલ લૉ ઉપર અમલ કરવાની આઝાદી છે. અને જે મુસ્લિમ દેશોમાં સંપૂર્ણપણે શરીયતના કાયદા લાગુ નથી ત્યાં પણ પર્સનલ લૉ પર અમલ કરવાની સ્વતંત્રતા છે.

પર્સનલ લૉ ભારતની સાંસ્કૃતિક અને ધાર્મિક વિવિધતાનું પ્રતિબિંબ છે, જે વિવિધ સમુદાયોને વ્યક્તિગત બાબતોમાં તેમના ધાર્મિક ગ્રંથો અને પરંપરાઓ દ્વારા સંચાલિત કરવાની મંજૂરી આપે છે. પર્સનલ લૉનું અસ્તિત્વ, લોકશાહી માળખામાં ધાર્મિક કાયદાઓની સાથે બિનસાંપ્રદાયિક કાનૂની પ્રણાલીના સહઅસ્તિત્વને રેખાંકિત કરે છે. મીડિયામાં એવી રીતે વાદ-વિવાદ થાય છે કે સામાન્ય માણસને એવું લાગે છે કે માત્ર મુસલમાનો કેમ પોતાના માટે વિશેષ કાયદાની માંગ કરે છે. જ્યારે કે આપણા દેશમાં હિંદુ પર્સનલ લૉ પણ અસ્તિત્વ ધરાવે છે, જેના અંતર્ગત લગ્ન, છૂટાછેડા, ખાધાખોરાકી, વારસો, દત્તક લેવું જેવી બાબતો સમાવી લેવામાં આવી છે. The Hindu Marriage Act 1955, The Hindu Succession Act 1956, The Hindu Minority and Guardianship Act 1956, and The Hindu Adoptions and Maintenance Act 1956 તેના ઉદાહરણો છે. આવી જ રીતે ખ્રિસ્તીઓ માટે પણ પર્સનલ લૉ છે, જેમાં લગ્ન, તલાક, સારસંભાળ વગેરેનો સમાવેશ થાય છે. દા.ત. The Indian Christian Marriage Act 1872 and the Indian Divorce Act 1869 જોઈ શકાય. પારસીઓ સંખ્યાબળના આધારે બહુ ઓછા છે છતાં તેમના માટે પણ પર્સનલ લૉ મંજૂર કરવામાં આવેલ છે. The Parsi Marriage and Divorce Act 1936 અંતર્ગત તેમની લગ્ન, તલાક, વગેરે બાબતો સમાવી લેવામાં આવી છે. આ જ રીતે 1937થી મુસલમાનો માટે Muslim Personal Law (Shariat) Application Act 1937ને મંજૂર કરવામાં આવેલ છે જેને આર્ટીકલ 25 હેઠળ બંધારણે પણ બહાલી આપી છે.આ કાયદાની અંતર્ગત નિકાહ, તલાક, વારસો, ખાધાખોરાકી વગેરે આવે છે. શીખ, બોદ્ધ, જૈન ને હિંદુ તરીકે ગણવામાં આવ્યા છે છતાં લગ્ન, વારસા અને દત્તક લેવા જેવી બાબતોમાં તેઓ પોતાની પ્રથાઓ મુજબ વર્તે છે. ફક્ત સમુદાય જ નહીં કેટલાક રાજ્યોને પણ વિશેષાધિકાર આપવામાં આવેલા છે જેની ચર્ચા અત્યારે અસ્થાને છે.

**આ પ્રશ્ન માત્ર મુસ્લિમ વ્યક્તિને જ કેમ કરવામાં આવે છે. કોઈ હિંદુને કેમ પૂછવામાં નથી આવતું કે તમે મનુસ્મૃતિ કે વેદ અને સંવિધાનમાંથી શું પસંદ કરશો.! અથવા કોઈ શીખને કેમ નથી પૂછતા કે ગુરુગ્રંથ કે સંવિધાનમાંથી શું પસંદ કરશો, અથવા કોઈ ખ્રિસ્તી કે જૈનને આવા પ્રશ્ન કેમ નથી પૂછાતા?!! અરુણ ગોવિલ, અનંત કુમાર હેગડે, જ્યોતિ મિર્ધા વગેરે જેવા ભાજપના નેતાઓ જાહેરમાં સંવિધાન બદલવાની વાત કરે છે તો તેમને કેમ પૂછવામાં નથી આવતું કે સંવિધાન પહેલાં કે મનુસ્મૃતિ! આર.એસ.એસ.ની સંવિધાન અપ્રિયતા તો જગજાહેર છે. કેમ મોહન ભાગવતજી કે બીજા મહાનુભાવોને આ પ્રશ્ન કરવામાં આવતો નથી? ક્યારેય કોઈ મુસ્લિમ આગેવાને આવી કોઈ જાહેરાત કરી છે? પછી કેમ આવા પ્રશ્નો ઊભા કરી મુસલમાનોને પીડા આપવામાં આવે છે?**

આપણે Alternative dispute resolution (ADR-વૈકલ્પિક વિવાદ નિરાકરણ) વિષે જાણીએ છીએ જે trial વગર વિવાદોને ઉકેલવા માટે વિવિધ રીતોનો ઉલ્લેખ કરે છે. સામાન્ય ADR પ્રક્રિયાઓમાં મધ્યસ્થી, આર્બિટ્રેશન અને તટસ્થ મૂલ્યાંકનનો સમાવેશ થાય છે. અદાલતો ઘણીવાર કૌટુંબિક કાયદાના વિવાદોમાં પ્રથમ પગલા તરીકે ADRને પ્રોત્સાહિત કરે છે અથવા આદેશ પણ આપે છે તથા કેસો વધુ કાર્યક્ષમ અને સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલવાની તેની ક્ષમતાને પણ માન્યતા આપે છે.

ભારતમાં મધ્યસ્થી પ્રણાલી પર કાનૂની નીતિ માટેના 'વિધિ સેન્ટર'ના

2016ના અહેવાલમાં બહાર આવ્યું છે કે કોર્ટ દ્વારા સંદર્ભિત મધ્યસ્થીનાં કુલ 46,000 કેસોમાંથી 41,503 કેસો (અંદાજે) પારિવારિક વિવાદો હતા (બોમ્બે હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાંથી આ ડેટા એકત્રિત કર્યા છે). પાંચ વર્ષના સમયગાળામાં (2011-2015), 25,000થી વધુ કૌટુંબિક કાયદાના કેસો મધ્યસ્થી માટે મોકલવામાં આવ્યા હતા, જે આ સમયમર્યાદામાં મધ્યસ્થી માટે સંદર્ભિત કુલ કેસોના લગભગ 80% હતા. સંદર્ભોમાં દહેજ પ્રતિબંધ અધિનિયમ હેઠળના કેસ, ફોજદારી કાર્યવાહી સંહિતા, 1973ની કલમ 125 હેઠળ ભરણપોષણની અરજીના કેસો, PWDV એક્ટ, ગાર્ડિયન્સ એન્ડ વોર્ડ્સ એક્ટ અને અન્ય છૂટાછેડાની બાબતોનો સમાવેશ થાય છે.

આના સિવાય પણ ભારતમાં વિવાદ નિરાકારણ માટેની સામુદાયિક વ્યવસ્થા ખૂબ જ પ્રાચીન છે, જેમાં સમાજના આગેવાનો મળીને વિવાદનો અંત લાવે છે, આ પ્રક્રિયાથી પણ સૌ પરિચિત છે. એનાથી આગળ વધી ઘણીવાર ક્રિમિનલ બાબતોમાં પણ ખાપ પંચાયતો પોતાના ચુકાદાઓ આપે છે. જે સમાંતર કોર્ટ જેવી પરિસ્થિતિ સર્જે છે. પરંતુ આ મુદ્દાઓ વધુ ચર્ચાના વિષયો બનતા નથી. પરંતુ જો મુસલમાનોના ધાર્મિક- સામાજિક આગેવાનો નિકાહ, તલાક કે વારસા વહેંચણી સંબંધિત મુદ્દાઓનું શરિયતના કાયદા પ્રમાણે નિરાકરણ લાવે છે તો તે અંગે સમાંતર કોર્ટ તરીકેનો દુષ્પ્રચાર કરી કાયદા વિરોધી, દેશ દ્રોહી વગેરે જેવી નકારાત્મક છબી ઊભી કરવામાં આવે છે. આ નર્યો દંભ અને ગંભીર સામાજિક લક્ષણ છે. પર્સનલ લૉ સિવાયની બાબતોમાં મુસલમાનો પણ કોર્ટ તરફ વળે છે અને તેના ચુકાદાને માન્ય રાખે છે. અને તેના માટે કોઈ સાબિતી આપવાની પણ જરૂર નથી. નીચલી કોર્ટથી લઈને સુપ્રિમ કોર્ટ સુધી બીજા સમુદાયોની જેમ હજારો કેસ મુસલમાનોના પણ ચાલે છે.

પહેલાં હજ્જ સબસીડીને લઈને દુષ્પ્રચાર કરતા હતા કે કોંગ્રેસ મુસલમાનોનું તુષ્ટીકરણ કરે છે એટલે સબસીડી આપે છે. જ્યારે કે વાસ્તવિકતા આ હતી કે મુસલમાનોથી હજ માટે જે નાણા લેવામાં આવતા હતા તેના થકી એર ઈન્ડિયાની ખોટ પૂરવામાં આવતી હતી. અને તેમાં મુસલમાનોને કોઈ લાભ ન'હોતો મળતો. અને શું થયું કે કથિત હજ સબસીડી તો બંધ થઈ અને બીજીબાજુ એરઈન્ડિયા ઉડી ગઈ. હજ સબસીડી બંધ કર્યાના ઢંઢેરા પીટીને બિનમુસ્લિમ સંઘી માનસિકતા વાળા ભાઈઓને વિજય આનંદ પીરસ્યો. સરકારની કોઈ નૈતિક જવાબદારી જેવું કશું રહ્યું નથી તેથી વાસ્તવિકતા નાગરિકોએ પોતે જ જાણવી પડશે.

આવી જ રીતે હું જોઈ રહ્યો છું એક બીજો પ્રશ્ન જે મીડિયામાં ચગાવવામાં આવી રહ્યો છે. કોઈ મુસ્લિમ સહભાગીને બોલાવી પ્રશ્ન કરવામાં આવે છે કે જો તમને સંવિધાન કે શરિયત વચ્ચે પસંદગી કરવાનું કહેવામાં આવે તો તમે શું કરશો ? આ પ્રશ્ન કેટલાક વ્યક્તિઓથી અને બે થી વધુ ચેનલ ઉપર જોઈ ચૂક્યો છું જે સૂચવે કે કે કોઈ એક જગ્યાથી પ્રશ્નો સેટ કરવામાં આવ્યા છે અને તેના થકી તેઓ મુસ્લિમો વિષે એક વિશેષ નેરેટીવ બનાવવા માંગે છે.

મારો પહેલો વાંધો તો આ છે કે આ પ્રશ્ન માત્ર મુસ્લિમ વ્યક્તિને જ કેમ કરવામાં આવે છે. કોઈ હિંદુને કેમ પૂછવામાં નથી આવતું કે તમે મનુસ્મૃતિ કે વેદ અને સંવિધાનમાંથી શું પસંદ કરશો.! અથવા કોઈ શીખને કેમ નથી પૂછતા કે ગુરુગ્રંથ કે સંવિધાનમાંથી શું પસંદ કરશો, અથવા કોઈ ખ્રિસ્તી કે જૈનને આવા પ્રશ્ન કેમ નથી પૂછાતા?!! અરુણ ગોવિલ, અનંત કુમાર હેગડે, જ્યોતિ મિર્ધા વગેરે જેવા ભાજપના નેતાઓ જાહેરમાં સંવિધાન બદલવાની વાત કરે છે તો તેમને કેમ પૂછવામાં નથી આવતું કે સંવિધાન પહેલાં કે મનુસ્મૃતિ! આર.એસ.એસ.ની સંવિધાન અપ્રિયતા તો જગજાહેર છે. કેમ મોહન ભાગવતજી કે બીજા મહાનુભાવોને આ પ્રશ્ન કરવામાં આવતો નથી? ક્યારેય કોઈ મુસ્લિમ આગેવાને આવી કોઈ જાહેરાત કરી છે? પછી કેમ આવા પ્રશ્નો ઊભા કરી મુસલમાનોને પીડા આપવામાં આવે છે?

બીજી વસ્તુ આ કે ધર્મ,શરિયત અને સંવિધાન જુદા પ્રકારના ગ્રંથ છે. એક ઈશ્વરીય માર્ગદર્શન ઉપર આધારિત છે અને બીજું માનવીય પ્રયાસો ઉપર. બંનેની સરખામણી ન થઈ શકે. તમને ફલાણા દેશનું સંવિધાન ગમે છે કે ભારતનું, તમને આ ધર્મ ગમે છે કે પેલો આવા પ્રશ્ન તો થઈ શકે. ધર્મ અને શરિયત માનવીની નૈતિક અને આધ્યાત્મિક જરૂરતને પૂર્ણ કરે છે. જ્યારે સંવિધાન નાગરિક અધિકારો પર આધારિત પુસ્તક છે. એવી છબી ઊભી કરવામાં આવે છે કે મુસ્લિમ ક્યારેય પોતાની આસ્થાને મૂકી શકતો નથી. હું પૂછું છું કે ભારતમાં કયો ધર્મ છે જે પોતાની આસ્થા સાથે સોદો કરી શકે? ધર્મનું મૂળ જ આસ્થા ઉપર ટકેલું છે અને

તેમાં પરિવર્તન કોઈ પણ ધાર્મિક વ્યક્તિ સ્વાભાવિક રીતે સ્વીકારી શકે નહીં.

શરિયતની વાત આવે તો તેઓ કહે છે કે સંવિધાન ધર્મ નિરપેક્ષ છે. તો આ ધર્મનિરપેક્ષતા માત્ર શરિયત ઉપર લાગુ થતી નથી બીજા ધર્મો ઉપર પણ તેટલી જ થવી જોઈએ. બીજો મુદ્દો કે ભારતમાં ધર્મનિરપેક્ષતા, ધર્મના વિરુદ્ધ વ્યાખ્યિત કરવામાં આવી નથી, બલ્કે બધા જ ધર્મો પ્રત્યે સમભાવ તરીકે વર્ણવવામાં આવી છે. પ્રગતિશીલ (પ્રોગ્રેસીવ) હોવાનો અર્થ એ નથી કે શરિયત કે કોઈ ધર્મમાં ફેરફાર કરો. પ્રોગ્રેસીવ હોવાનો અર્થ આ છે કે ક્રીટિકલ વિચારણા સાથે કોઇ પણ વસ્તુ ઉપર ગહન વિચાર કરો. વ્યક્તિને જે પસંદ પડે તે મુજબ તેનો સ્વીકાર કરો.પોતે જે માનવું હોય તે માન્યતા રાખો પણ બીજાને પૂરેપૂરૂં સંમાન આપો. લોકોને અસંમતી સાથે પણ સાથે લઈને ચાલો. કોઈ એક જ રંગમાં રંગવાની દમનકારી વૃત્તિ શેતાનિયત અને સંકુચિતતા છે. માનવતા કે પ્રગતિશીલતા બિલકુલ નથી.

ત્રીજી વસ્તુ એ કે ધર્મ અને સંવિધાન બંને એક બીજાના વિરોધી કે પ્રતિસ્પર્ધી નથી બલ્કે ભારત જેવી ધાર્મિક લોકશાહી વ્યવસ્થામાં એક બીજાના પુરક છે. શું એવો પ્રશ્ન કરી શકાય કે તમે જમણા હાથને પસંદ કરશો કે ડાબાને, જમણી આંખને પસંદ કરશો કે ડાબીને, હૃદયને પસંદ કરશો કે કિડનીને. સૌનું પોતાનું આગવું મહત્ત્વ છે. એવી જ રીતે બંધારણ અને ધર્મ કે શરિયતનું પોતાનું મહત્ત્વ છે. બંનેમાંથી કોઈ એકની પસંદગીની વાત નિરર્થક અને પાયાવિહીન છે. બંધારણ જ શરિયત અથવા ધર્મ પર આચરણ કરવાની સ્વતંત્રતા આપે છે. અને ધર્મ ન્યાય, પ્રેમ, ભાઈચારા, સમાનતા જેવા લોકશાહી મૂલ્યોને પ્રબળ બનાવે છે. અને આ બાબતે બીજા ધર્મના મુકાબલામાં ઈસ્લામને એક સ્તર વધુ પ્રાપ્ત છે.

મુસલમાનોને જો શરિયત અને હદીસ પર અમલ કરવો હોય તો સંપૂર્ણપણે કરે એ વાત જ અસ્થાને છે. કેમકે દેશની કોઈ પણ લઘુમતી કે બહુમતીને પર્સનલ લૉ સિવાય બીજા કાયદા કાનૂન ઉપર અમલ કરવાની સ્વતંત્રતા જ નથી. બેંકમાં ખાતા પણ લોકો એટલા માટે ખોલાવે છે કે તે ધંધાકીય તથા સલામતીની જરૂરત છે. રહી વાત વ્યાજ ન લેવાની તો મુસલમાનનો પોતાના ખાનગી જીવનમાં આ આદેશ ઉપર મહદઅંશે અમલ કરે છે અને દેશની આર્થિક નીતિઓ ઘડનારા લોકોને પણ ભલામણ કરે છે કે તેઓ વ્યાજુ વ્યવસ્થાના સ્થાને વૈકલ્પિક વ્યવસ્થા વિષે વિચારે. વ્યાજના કારણે હજારો ગરીબો અને ખેડૂતો આત્મહત્યા કરે છે એ કોઈ છૂપી વાત નથી.

રહી વાત ચાર શાદીની તો દેશના આટલા ઊંચા પદ ઉપર બેસીને આવી ગપ્પાબાજી કરવી તેમને શોભતી નથી. ખબર નહિ કેમ, ન તો જનતા પ્રશ્ન કરે છે અને ન જ મીડિયા એંકર પકડ કરે છે કે, આ શક્ય જ નથી. ભારતમાં મુસલમાનોનો સ્ત્રી પુરુષ અનુપાત 1000:951 છે. એટલે એક પુરુષને એક સ્ત્રી મળે તો પણ ૪૯ પુરુષ કુંવારા રહી જશે. બીજું, ગૃહમંત્રી શ્રી આખા ભારતના પ્રવાસ કરે છે; હું તેમને પૂછું છું કે તેઓ એવા કેટલા મુસ્લિમોને ઓળખે છે જેમની ચાર પત્નીઓ છે.

આ પ્રશ્ન મુસલમાનનોને જ કેમ પૂછવામાં આવે છે,જયારે કે બીજા સમુદાયનો અનુપાત તેમનાથી વધારે છે. કેમકે તેમને ગેરસમજ ઊભી કરી એવું કથાનક પ્રસારિત કરવું છે કે મુસલમાન અલગ છે અને તે ક્યારેય દેશનો વફાદાર હોઈ શકતો નથી. આ માનસિકતામાંથી બહાર આવવાની જરૂર છે.

દેશની એકતા, શાંતિ અને સમૃદ્ધિ માટે જરૂરી છે કે જનતાને ગેરમાર્ગે દોરવામાં ન આવે. ધર્મના નામે રાજનીતિ કરનારા લોકોને હળહળતું જૂઠ બોલવું શોભતું નથી. સત્ય અને ન્યાયની પડખે ઊભું રહેવું તે ગીતાનું પણ શિક્ષણ છે. અને કુર્આનમાં અલ્લાહ ફરમાવે છે કેઃ “હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! અલ્લાહથી ડરો અને સાચા લોકોનો સાથ આપો”.(૯:૧૧૯)

**Prince Fabrication**

Akil bhai M. 9426584514
Ibrahim bhai M. 9723713519
Ismail bhai M. 9409407917



ALL KIND OF GATE, GRILL, CHANAL GATE, SPIRAL STAIR, STAIR RAILING

205, LOKHANDWALI'S CHAWL, OPP. MOHAMMADI MASJID, RAKHIYAL ROAD, BAPUNAGAR, AHMEDABAD - 380024 (O) : 079 - 22742658

મૂળ પ્રશ્ન

# કુપોષણની ભયાવહ સમસ્યા, રાજકીય 'ગંભીરતા' અને આપણી ભૂમિકા



✍ શિબ્લી અર્સલાન

કુપોષણ આધુનિક વિશ્વની એક ગંભીર સમસ્યા છે. વિકાસ, વિજ્ઞાન અને ટેક્નોલોજીના યુગમાં કુપોષણ એક અત્યંત શરમજનક સમસ્યા લાગે છે. કુપોષણ એવી સ્થિતિ છે કે તે જ્યારે થાય છે ત્યારે શરીરને આરોગ્યપ્રદ પેશીઓને જાળવી રાખવા માટે જરૂરી વિટામિન્સ અને અન્ય ખનિજો પૂરતા પ્રમાણમાં મળતા નથી. સરળ શબ્દોમાં કહીએ તો, તે ભૂખમરાને કારણે થતી સ્થિતિ છે.

વિશ્વ બેંકે ભારતમાં કુપોષણની સ્થિતિને ૧૮મી સદીમાં યુરોપમાં ફેલાયેલી બ્લેક ડેથ મહામારી જેવી ગંભીર ગણાવી છે. આ મહામારીએ યુરોપની જનસંખ્યાને ભારે નુકસાન પહોંચાડ્યું હતું.

છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં કુપોષણ એક ગંભીર સમસ્યા બની ગઈ છે. વિશ્વ ભૂખમરી સૂચકાંકમાં ભારતની રેકિંગ સતત નીચે આવી રહી છે. ૨૦૨૩માં ભારત ૧૨૫ દેશોમાં ૧૧૫મા સ્થાને હતું, જ્યારે ૨૦૨૪માં તે ૧૨૭ દેશોમાં ૧૦૫મા સ્થાને પહોંચ્યું છે. જો કે, ભારત હજુ પણ ગંભીર શ્રેણીમાંથી બહાર આવ્યું નથી. દક્ષિણ એશિયામાં ભારત અને પાકિસ્તાન કુપોષણની સૌથી ખરાબ પરિસ્થિતિમાં છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના જણાવ્યા મુજબ, ભારતમાં દરરોજ હજારો બાળકો કુપોષણના કારણે મૃત્યુ પામે છે. એઈમ્સના એક અભ્યાસ મુજબ, દેશના ૭૭% નવજાત શિશુઓને પૂરતું પોષણ મળતું નથી. રાષ્ટ્રીય કુટુંબ સ્વાસ્થ્ય સર્વેક્ષણ-૫ મુજબ, દેશના ત્રણમાંથી એક બાળક કાં તો ઓછા વજનનું અથવા ઠીંગણું છે, જ્યારે પાંચમાંથી એક બાળક દુર્બળ છે. આનું મુખ્ય કારણ કુપોષણ છે.

રાજસ્થાન અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાં થયેલા સર્વેક્ષણોમાં એ વાત સામે આવી છે કે દેશના સૌથી ગરીબ વિસ્તારોમાં બાળકો ભૂખમરીના કારણે મૃત્યુ પામી રહ્યા છે. ઘણા રિપોર્ટમાં આ વાત સ્પષ્ટ કરવામાં આવી છે કે જો સરકારો આ દિશામાં થોડું ધ્યાન આપે તો આ મૃત્યુને રોકી શકાય. સંયુક્ત રાષ્ટ્રે ભારતમાં કુપોષણની સ્થિતિને 'ચિંતાજનક' ગણાવી છે.

ભારતમાં ફાઈટ હંગર ફાઉન્ડેશન અને એસીએફ ઈન્ડિયા મળીને ''જનરેશનલ ન્યુટ્રિશન પ્રોગ્રામ'' ચલાવે છે. એસીએફનું કહેવું છે કે કુપોષણને ''ચિકિત્સાકીય કટોકટી'' તરીકે જોવાની જરૂર છે. સાથે જ તેમણે આ દિશામાં વધુ સારી નીતિઓ બનાવવા અને તેના માટે બજેટ ફાળવવાની પણ માંગ કરી છે. એસીએફના અહેવાલ મુજબ કુપોષણ જેટલી મોટી સમસ્યા ભારતમાં છે, એટલી મોટી સમસ્યા સમગ્ર દક્ષિણ એશિયામાં બીજે ક્યાંય જોવા મળતી નથી.

હકીકતમાં, કુપોષણ ઘણા સામાજિક અને રાજકીય કારણોનું

પરિણામ છે. જ્યાં ભૂખ અને ગરીબી રાજકીય એજન્ડાની પ્રાથમિકતા નથી હોતી ત્યાં કુપોષણ સામે આવે છે. ભારત આનું સૌથી સચોટ ઉદાહરણ છે કે જ્યારે બાંગ્લાદેશ અને નેપાળ જેવા વધુ ગરીબ અને ઓછા વિકસિત પડોશીઓ કરતાં આપણા ત્યાં વધુ કુપોષણ છે. ભારતની રાજનીતિમાં "ગરીબી હટાઓ" અને "ગરીબી મુક્ત ભારતનો સંકલ્પ" માત્ર ચૂંટણીના નારા અને જુમલા છે. ગરીબી અને ભૂખથી મુક્તિ માટે કોઈ લાંબા ગાળાની યોજના અને મજબૂત પ્રતિબદ્ધતા દેખાતી નથી. જો સરકારો ભૂખ અને પોષણની વ્યવસ્થા નહીં કરે તો પછી આ બધા નારાઓનો શું અર્થ છે?

સર્વત્ર પ્રવર્તતો પૂંજીવાદ અને બજારવાદની દોડમાં આપણી ભારતીય ચૂંટણી રાજનીતિ એટલી વ્યસ્ત છે કે તે કુપોષણ જેવા ગંભીર મુદ્દા પર ધ્યાન આપવામાં નિષ્ફળ રહી છે. આપણે જાણીએ છીએ કે ખાદ્ય ઉત્પાદનમાં ભારત વિશ્વમાં અગ્રણી છે. આપણે આપણી સમગ્ર વસ્તીને ખવડાવવાની ક્ષમતા ધરાવીએ છીએ, જેનો અર્થ એ થાય છે કે આપણી સમસ્યા માત્ર ખરીદ શક્તિની છે. પરંતુ આપણી રાજનીતિ અને શાસનમાં એટલી સંવેદનશીલતા કે સાહસ નથી કે તે કુપોષણમુક્ત ભારત માટે કોઈ એવી નીતિ બનાવી શકે કે જેનાથી દરેક વ્યક્તિ માટે ખોરાક ખરીદવો સરળ બને. કુપોષણની સમસ્યાને કોંગ્રેસ વિરુદ્ધ ભાજપની બાઈનરીમાં જોવાને બદલે આપણે તેને એક સમાજિક સમસ્યા તરીકે જોવી જોઈએ. આમાં સરકારો અને રાજનીતિ બંને દોષી છે.

કુપોષણ એક સામાજિક અને નૈતિક મુદ્દો પણ છે. સંયુક્ત રાષ્ટ્રના એક અહેવાલમાં બાળકોને ખાવાનું ન મળવાની સાથે સાથે દેશમાં ખાદ્ય પદાર્થ વ્યર્થ થવાના આંકડા પણ આપવામાં આવ્યા છે. આનું એક કારણ રાજકીય અને આર્થિક છે કે ભારતમાં ખોટી નીતિઓને કારણે આર્થિક અસમાનતા ચરમ પર છે. પરંતુ આનાથી સામાજિક સંવેદનહીનતાનો પણ ખ્યાલ આવે છે કે સમાજના અમીર લોકો ખાવા-પીવામાં વ્યસ્ત છે અને ખોરાક બગાડે છે, પરંતુ તેઓ એવી કોઈ સામાજિક વ્યવસ્થા બનાવવામાં રસ નથી દાખવતા જેમાં ભૂખે મરતા લોકો માટે સામુદાયિક રસોડા ચલાવી શકાય અથવા આસપાસના કુપોષિત બાળકો માટે વિટામિન અને ખનિજથી ભરપૂર ખોરાકની વ્યવસ્થા કરી શકાય.

ભારતમાં કુપોષણ પરના અહેવાલો અને અભ્યાસ ભારતીય સમાજમાં ઊંડાણપૂર્વક રહેલા સામાજિક અન્યાય તરફ ઈશારો કરે છે. એસીએફના એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, "ભારતમાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, પછાત જાતિ અને ગ્રામીણ સમુદાય પર કુપોષણનો અતિશય બોજ છે."

એટલે કે, કુપોષણમુક્ત ભારતનું સ્વપ્ન સાકાર કરવા માટે જાતિવાદ અને વિભાજનવાદી વિચારસરણીથી મુક્ત થવું અત્યંત જરૂરી છે. જો સત્તામાં બેસેલા લોકો કુપોષિત અને વંચિત સમાજને જાતિના ચશ્માથી જોશે તો માનવીય સંવેદનાનો અભાવ હોવાથી કોઈ પણ નીતિ કે યોજના સફળ થઈ શકશે નહીં.

અંતે, આપણે એ વાત સ્વીકારવી પડશે કે કુપોષણ જેવી જૂની અને ગંભીર સમસ્યાને માત્ર રાજકીય નિર્ણયો અને સરકારી નીતિઓથી હલ કરી શકાય નહીં. આ સમસ્યાને ઉકેલવા માટે મજબૂત દૃષ્ટિકોણ, માનવીય સંવેદના, રાજકીય હિંમત, સામાજિક ન્યાય અને નૈતિક મૂલ્યોની જરૂર છે. ●●●

## વાચકો જોગ સૂચના

**પ્રિય ગ્રાહકો**

★ **"યુવાસાથી" માસિક દર મહિનાની ૩જી તારીખે પોસ્ટ કરવામાં આવે છે. જો તે મહિનાની ૧૦ તારીખ સુધી આપને ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવા અમારા વ્હાલા વાચક મિત્રોને વિનંતી છે.**

★ **"યુવાસાથી" માસિકનું લવાજમ પૂરું થઈ ગયું હોય તો તેમને નમ્ર વિનંતી છે કે તેઓ ઓફિસના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી કે પછી ઓનલાઈન Google Pay, Phone Pe વિ.થી પણ લવાજમ મોકલી આપે.**

★ **પોસ્ટમેન નિયમિત ડિલિવરી કરતા ન હોવાથી વાચકોને કોપીઓ નિયમિત મળતી નથી. તેથી જે વાચક મિત્રો "યુવાસાથી" કુરિયરથી મંગાવવા ઈચ્છતા હોય તો તેમણે લવાજમની રકમ રૂ. ૩૦૦ ઉપરાંત રૂ. ૧૮૦ વધારે આપવા.**

**● મેનેજર, "યુવાસાથી" ગુજરાતી માસિક**



## વૈશ્વિક બાબતો

# વૈશ્વિક શક્તિઓ અને સીરિયન સંઘર્ષ

✍ શેખ સલીમ

આરબ વસંત ઇજિપ્તમાં ફેલાયા બાદ ટૂંક સમયમાં સીરિયા સુધી પહોંચી ગઈ. ચાર દાયકાથી સીરિયાના મુસ્લિમો અત્યાચાર અને દમનના પંજા હેઠળ જીવતા હતા. જ્યારે તેમણે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાનું શરૂ કર્યું ત્યારે દેશભરમાં મોટા શહેરોમાં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા. સરમુખત્યારશાહી શાસને આ વિરોધોને બળવો ગણાવીને તેને હિંસક રીતે દબાવવાનો પ્રયાસ કર્યો. હજારો લોકો શહીદ થયા અને લાખોને કેદ કરવામાં આવ્યા.

આ કઠોર પ્રતિકારના પરિણામે સ્થિતિ વધુ વણસી અને શાંતિપૂર્ણ વિરોધ સશસ્ત્ર સંઘર્ષમાં પરિણમ્યો. સીરિયાની મોટાભાગની વસ્તી, લગભગ ૮૦% અથવા તેથી વધુ, સુન્ની મુસ્લિમોની છે, જ્યારે બાકીનામાં અલાવિત, દ્રુઝ અને શિયા લઘુમતીઓનો સમાવેશ થાય છે. છતાં, સરકાર સંપૂર્ણપણે અલાવિત અને શિયાઓના નિયંત્રણ હેઠળ હતી.

સીરિયામાં ચાલી રહેલા સંઘર્ષ દરમિયાન, મુસ્લિમોએ બશર અલ-અસદના શાસન વિરુદ્ધના બળવાને સ્વતંત્રતાના ન્યાયી સંઘર્ષ તરીકે જોયો. તેમના માટે આ લડાઈ માત્ર રાજકીય સ્વતંત્રતા માટે જ નહીં, પરંતુ ધાર્મિક અને સામાજિક અધિકારોને પુનઃસ્થાપિત કરવા માટે પણ હતી, જે અસદના શાસન હેઠળ દાયકાઓથી દબાયેલા હતા. ૨૦૧૧માં જ્યારે લોકોએ અસદ વિરુદ્ધ બળવો કર્યો ત્યારે આ આંદોલનનું મૂળ માનવ અધિકારો, ન્યાય અને સમાનતાની માંગમાં હતું. જોકે, અસદ શાસને આ વિરોધને બળથી દબાવવાનો પ્રયાસ કરતાં સુન્ની વસ્તીમાં રોષ વધુ વકર્યો.

ઈરાન અને હિઝબુલ્લાહના હસ્તક્ષેપને કારણે અસદ સરકારને મજબૂત ટેકો મળ્યો હતો. પરંતુ આનાથી સીરિયાના મુસ્લિમો વચ્ચે વધુ કડવાશ અને નિરાશા ફેલાઈ હતી. ખાસ કરીને, ઈરાન દ્વારા સમર્થિત શિયા મિલિશિયાની હાજરીએ સાંપ્રદાયિક તણાવ વધાર્યો હતો. સીરિયનોએ આ મિલિશિયાની ક્રિયાઓને પોતાની ધાર્મિક અને રાષ્ટ્રીય ઓળખ પરનો હુમલો માન્યો હતો. આ જ રીતે, રશિયા અને પશ્ચિમી શક્તિઓની સીધી સંડોવણીએ એવી છાપ ઊભી કરી હતી કે સીરિયાના સુન્ની બહુમતીના અવાજને દબાવવા માટે વૈશ્વિક દળો એક થયા છે. ઇદલિબ અને અલેપ્પો જેવા શહેરોમાં થયેલા મૃત્યુ અને વિનાશે અસદની નિર્દયતાને વિશ્વ સમક્ષ ઉજાગર કરી હતી.

અસદના શાસનકાળ દરમિયાન, સુન્ની મુસ્લિમો પોતાના જ દેશમાં હંમેશાં પોતાને નબળા અને શક્તિહીન અનુભવતા હતા. સપાટી પર મજબૂત દેખાતું ઈરાન સાથેનું અસદનું જોડાણ સીરિયનો દ્વારા શાહી શક્તિના સમર્થન તરીકે જોવામાં આવતું હતું. જ્યારે અસદે સંયુક્ત આરબ અમીરાત સાથે સંબંધો સુધારવાનો પ્રયાસ કર્યો ત્યારે સુન્નીઓમાં આશાની એક ઝલક જોવા મળી કે કદાચ આરબ રાષ્ટ્રો પરિસ્થિતિ સુધારવામાં મદદ કરી શકે. પરંતુ આ પ્રયાસની નિષ્ફળતાએ સ્પષ્ટ કરી દીધું કે અસદ ન તો ઈરાનથી અલગ થવા

તૈયાર હતા અને ન તો સુન્ની બહુમતીની માંગણીઓને યોગ્ય રીતે સંબોધવા માટે.

શરૂઆતમાં, અસદના શાસન વિરુદ્ધ લડતા લોકોએ પોતાના આંદોલનને લોકક્રાંતિ તરીકે જોયું હતું. તેઓ માનતા હતા કે અસદના ભ્રષ્ટાચાર, અન્યાય અને જુલમને કારણે તેમની પાસે બળવા સિવાય કોઈ બીજો વિકલ્પ ન હતો. ૨૦૧૧માં જ્યારે આ બળવાએ વેગ પકડ્યો ત્યારે બળવાખોરોને વિશ્વાસ હતો કે તેઓ ટૂંક સમયમાં અસદને પદ્ચ્યુત કરીને એક ન્યાયી અને લોકશાહી સરકાર સ્થાપિત કરી શકશે. જો કે, ઈરાનના સંપૂર્ણ સૈન્ય હસ્તક્ષેપ અને હિઝબુલ્લાહ દ્વારા અસદને આપવામાં આવેલા સમર્થન સાથે પરિસ્થિતિ વધુ જટિલ બની ગઈ.

સીરિયનો માટે ઈરાન અને શિયા મિલિશિયાની હાજરી માત્ર રાજકીય ખતરો ન હતો બલ્કે તેઓ તેને ધાર્મિક આક્રમણ તરીકે પણ જોતા હતા. આ સંઘર્ષ સાંપ્રદાયિક સંઘર્ષમાં પરિવર્તિત થઈ ગયો, જેમાં તેઓ પોતાની ઓળખ, સ્વતંત્રતા અને ગૌરવ માટે લડી રહ્યા હતા. ૨૦૧૫ પછી રશિયાના હવાઈ હુમલાઓથી બળવાખોરો વધુ નબળા પડ્યા હોવા છતાં તેમનો નિશ્ચય અડગ રહ્યો. ઇદલિબમાં તેમણે પોતાનો છેલ્લો ગઢ સ્થાપિત કરીને અસદના શાસનનો પ્રતિકાર કરવાનું ચાલુ રાખ્યું.

તુર્કીના સમર્થને સીરિયન બળવાખોરોમાં નવી આશાનો સંચાર કર્યો છે. તુર્કીએ તેમને લશ્કરી સહાય અને સુરક્ષિત આશ્રયસ્થાન પૂરૂં પાડીને આ આશાને પ્રોત્સાહન આપ્યું છે. ઉત્તર સીરિયામાં બફર ઝોન સ્થાપીને અને લગભગ ચાર મીલિયન સીરિયન શરણાર્થીઓને આશ્રય આપીને તુર્કીએ આ કામગીરીને વધુ મજબૂત બનાવી છે. ઇદલિબમાં તુર્કીની હાજરીએ બળવાખોરોને દમાસ્કસમાં મુક્ત સરકાર સ્થાપવાનું સપનું જોવા પ્રેર્યા છે. જો કે, અસદની સતત સત્તા અને આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપોએ આ આશાઓને વારંવાર ઠેસ પહોંચાડી છે.

ઉત્તરપૂર્વીય સીરિયામાં, કુર્દિશ સમુદાયે સ્વતંત્ર રાજય સ્થાપવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ તુર્કીએ કુર્દોને સુરક્ષા માટેનો ખતરો ગણાવ્યો છે. તેલના ભંડારથી સમૃદ્ધ આ પ્રદેશ અમેરિકન દળોના નિયંત્રણ હેઠળ છે.

શરૂઆતથી જ, તુર્કીએ સીરિયન સંકટમાં સક્રિય ભૂમિકા ભજવી છે. તુર્કી માટે અસદનું શાસન પ્રાદેશિક સ્થિરતા અને તેના રાષ્ટ્રીય હિતો માટે ખતરો છે. રાષ્ટ્રપતિ એર્દોગાને અસદ વિરુદ્ધ સુન્ની બળવાખોરોને સમર્થન આપવું એ ધાર્મિક અને રાજકીય બંને ફરજ તરીકે જોયું છે. તુર્કીને એ વાતની ચિંતા હતી કે સીરિયન ગૃહયુદ્ધ તેની આંતરિક સુરક્ષાને, ખાસ કરીને કુર્દિશ બળવાખોરોની વધતી પ્રવૃત્તિઓને કારણે અસ્થિર બનાવી શકે છે.

જ્યારે ઈરાન અને રશિયાએ બશર અલ-અસદ સરકારને સમર્થન આપવા માટે સીરિયામાં હસ્તક્ષેપ કર્યો ત્યારે તુર્કીએ પોતાના રાષ્ટ્રીય હિતોની રક્ષા માટે સીરિયન વિરોધીઓને ટેકો આપવાનું શરૂ કર્યું. ઇદલિબ પ્રાંત તુર્કી માટે એક મહત્ત્વપૂર્ણ મોરચો બની ગયો. તુર્કીએ અહીં સૈન્ય હાજરી વધારીને માત્ર અસદ સેનાની આગેકૂચ રોકવાનો જ નહીં બલ્કે સીરિયાથી મોટી સંખ્યામાં શરણાર્થીઓ તુર્કીમાં દાખલ થતા અટકાવવાનો પણ પ્રયાસ કર્યો.

તુર્કીએ સીરિયન સંઘર્ષને પોતાની પ્રાદેશિક સ્થિતિ મજબૂત કરવાની એક તક તરીકે જોયો. ઈરાનના પ્રભાવમાં ઘટાડો થતાં તુર્કીને સીરિયાના કેટલાક ભાગોમાં, ખાસ કરીને અલેપ્પો જેવા શહેરોમાં, પોતાનો પ્રભાવ વધારવાની તક મળી. ઈરાન અને રશિયાની વિરોધાભાસી વ્યૂહરચનાઓના કારણે સર્જાયેલ શૂન્યાવકાશમાં તુર્કીએ પોતાની હાજરી વધારી.

તુર્કી માટે સીરિયામાં સફળ થવાનો અર્થ માત્ર બશર અલ-અસદ સરકારને પદભ્રષ્ટ કરવાનો જ નહીં, બલ્કે પ્રદેશમાં પોતાના ભૌગોલિક અને વ્યૂહાત્મક પ્રભાવને વધારવાનો પણ હતો. તુર્કીએ ઇદલિબમાં પોતાની સૈન્ય હાજરી મજબૂત કરીને સીરિયન વિરોધીઓને નવી આશા આપી કે તુર્કીના સમર્થનથી તેઓ પોતાના લક્ષ્યો હાંસલ કરી શકશે.


ઈરાને સીરિયામાં સરમુખત્યારશાહી શાસનને આધાર આપીને પોતાના લોકોની આશાઓ પર પાણી ફેરવ્યું છે. પેલેસ્ટિનિયનોને મદદ કરવી એક વાત છે, અને સીરિયાના નિર્દોષ લોકો પર જુલમ ગુજારવું એ બીજી વાત છે. લાખો સીરિયનો શહીદ થયા અને હજારો લોકો ગુમ થયા. આટલી મોટી સંખ્યામાં લોકોનું જીવ લેવા પાછળ કયો હેતુ હતો? શા માટે એક અત્યાચારી શાસનને બચાવવા માટે આટલો મોટો પ્રયાસ કરવામાં આવ્યો?

સીરિયન મુસ્લિમો પર જે અત્યાચાર થયા છે તે અકલ્પનીય છે. ઇઝરાયલે પણ સીરિયા પર હુમલા કર્યા, પરંતુ સીરિયન લોકો આશા રાખે છે કે એક દિવસ તેઓ પોતાના દેશમાં ન્યાયિક ઇસ્લામી વ્યવસ્થા સ્થાપિત કરશે. •••

(લેખક "વેલ્ફેર પાર્ટી ઓફ ઈન્ડિયા" સાથે સંકળાયેલા છે - લેખ સૌજન્યઃ ઇન્ડિયા ટુમોરો)

**<u>ગણતંત્ર દિવસ વિશેષ</u>**

# સામાજિક ગણતંત્રનું સ્વપ્ન હજુ અધૂરૂં




✍ **સંપાદક મંડળ**

***"સંવિધાન ગમે તેટલું સારું હોય, પરંતુ જો તેને અમલમાં મૂકનારા ખોટા હશે તો સંવિધાનિક વ્યવસ્થા નિષ્ફળ જશે." - ડૉ. ભીમરાવ આંબેડકર***

કદાચ એમ માનીને કે ગણતંત્રીય શાસન વ્યવસ્થા શ્રેષ્ઠ છે, આપણા પૂર્વજોએ ભારતનું સંવિધાન બનાવ્યું અને આઝાદી બાદ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ભારત સંસદીય ગણતંત્ર બન્યું.આજે આપણો દેશ સંસદીય ગણતંત્રના સાત દાયકાથી વધુનો સમય પૂરો કરી ચૂક્યો છે. આજે આપણે ભારતને વિશ્વનું સૌથી મોટું ગણતંત્ર કહીને ગૌરવ અનુભવીએ છીએ, પરંતુ જયારે ગણતંત્રીય મૂલ્યોના આધારે મૂલ્યાંકનની વાત આવે છે ત્યારે વિશ્વમાં આપણું સ્થાન ઘણું પાછળ રહી જાય છે. લોકશાહી સૂચકાંકની વૈશ્વિક રેકિંગમાં સામાન્ય રીતે જે દેશોને ખામીયુક્ત ગણતંત્રીય ચેતનાનો દેશ માનવામાં આવે છે, તેમાં ભારત પણ એક છે. ભારતમાં શાસનતંત્ર અને રાજકીય સંસ્કૃતિમાં સુધારાની જરૂરિયાત છે. આથી વિચાર અને જવાબદારીના આ ચોરાહા પર આંબેડકરના આ નિવેદનને પુનરાવર્તિત કરવું જરૂરી છે કે "સંવિધાન ગમે તેટલું સારું હોય, પરંતુ જો તેને અમલમાં મૂકનારા ખોટા હશે તો સંવિધાનિક વ્યવસ્થા નિષ્ફળ જશે."

આજે આ વાત પર વિચાર કરવાની જરૂર છે કે આપણા દેશનું ગણતંત્ર કેવું છે? અને અહીં કેવું ગણતંત્ર હોવું જોઈએ? સવાલ એ પણ છે કે અહીંનું ગણતંત્ર, ખરેખર 'ગણ' એટલે કે લોકોનું, લોકો દ્વારા, લોકોના હિતમાં ચાલતી વ્યવસ્થા છે? જો હા, તો પછી દેશના નાગરિકોને પોતાના સામાન્ય અધિકારો અને હિતો માટે સંઘર્ષ કેમ કરવો પડે છે? નાગરિકોને તેમના મૂળભૂત કર્તવ્યો કેમ યાદ કરાવવા પડે છે? નાગરિક કોણ હશે; કોણ નહીં? એ નક્કી કરવું, સ્વયં નાગરિકોના હાથમાં કેમ નથી?

સાચું કહીએ તો, ગણતંત્ર દિવસ એ દિવસ છે જયારે આપણે યાદ કરીએ છીએ કે આપણે હવે સામ્રાજયવાદી શાસન કે રાજા-મહારાજાઓના શાસનના યુગમાંથી બહાર આવી ગયા છીએ. હવે આપણે સંવિધાનની વ્યવસ્થા હેઠળ ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા બનાવેલા નિયમો અને કાયદાઓ દ્વારા શાસિત થઈશું. જાણકારોની ભાષામાં કહીએ તો, આ સ્વરાજ છે, જયાં ચૂંટાયેલા પ્રતિનિધિઓએ જનતાના આદેશને આધીન રહીને દરેક પ્રકારની મનમાનીથી દૂર રહેવું પડશે.

એટલું જ નહીં, તેમણે ભારતીય ગણરાજયના સંકલ્પને પરમ પવિત્ર માનીને ચાલવું જોઈએ. આ સંકલ્પ આપણા સંવિધાનની પ્રસ્તાવનામાં વર્ણવવામાં આવ્યો છે. આ સંકલ્પમાં કહેવામાં આવ્યું છે કે આ સંવિધાન આપણને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, પ્રતિષ્ઠા અને અવસરની સમાનતા પ્રાપ્ત કરાવશે અને આપણામાં વ્યક્તિની ગરિમા

અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને સુનિશ્ચિત કરશે. 'ખુદ હી શાસક ખુદ હી શાસિત'ની આ સ્થિતિમાં કોઈ કહે કે ન કહે તો પણ સમજી શકાય છે કે સંવિધાનનો આ ઉદ્દેશ્ય ત્યારે જ પૂરો થશે જ્યારે દેશવાસીઓ તેને સાચા દિલથી અપનાવી લેશે અને પોતાના વ્યવહારમાં ઉતારશે. આના વગર, અધિનિયમિત થયા હોવા છતાં, સંવિધાન ફક્ત એક કાગળનો દસ્તાવેજ જ રહી જશે અને વાસ્તવિક જીવનમાં તેના ઉદ્દેશો પૂરા થઈ શકશે નહીં.

આટલા વર્ષો બાદ આ બધું યાદ કરાવવાનો શું અર્થ છે એવો સવાલ સ્વાભાવિક છે. આનો જવાબ બાબાસાહેબ આંબેડકરના શબ્દોમાં છે કે, આના વગર સંવિધાન અસ્તિત્વમાં તો રહી શકે છે, પણ તેની ગુણવત્તા જળવાઈ રહેશે નહીં. આપણે બધા જાણીએ છીએ કે આટલા વર્ષોમાં દેશમાં અલગ અલગ સરકારો આવી અને ગઈ, પણ સંવિધાનની ગુણવત્તા ક્યારેય યોગ્ય સ્તરે પહોંચી શકી નથી. નિઃશંકપણે, સંવિધાનના નિર્માતાઓ ઈચ્છતા હતા કે દરેક નાગરિક સંવિધાનને સારી રીતે સમજે અને તેના અધિકારો અને ફરજો બજાવે. પરંતુ આજે પણ દેશના મોટાભાગના લોકોને સંવિધાનમાં આપણને કયા મૂળભૂત અધિકારો મળ્યા છે તેની પૂરી જાણકારી નથી. સંવિધાન બન્યું ત્યારે આપણને સાત મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા હતા. તેમાં સમાનતાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર, શોષણ વિરુદ્ધ અધિકાર, ધર્મ, સંસ્કૃતિ અને શિક્ષણની સ્વતંત્રતાનો અધિકાર, સંપત્તિનો અધિકાર અને કાયદાકીય ઉપચારોના અધિકારનો સમાવેશ થતો હતો. પરંતુ ૧૯૭૮માં ૪૪મા સંવિધાન સુધારા દ્વારા સંપત્તિના અધિકારને મૂળભૂત અધિકારની યાદીમાંથી દૂર કરવામાં આવ્યો હતો. આથી હવે તે માત્ર કાનૂની અધિકાર બની ગયો છે. જ્યારે બાકીના છ અધિકારો હજુ પણ મૂળભૂત નાગરિક અધિકારો છે.

રાજ્યનું કર્તવ્ય છે કે તે સંવિધાન દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારોનું રક્ષણ કરે. આમ કરવાથી દરેક નાગરિકની સમાનતા અને વ્યક્તિગત સ્વતંત્રતાના સિદ્ધાંતોને મજબૂત બનાવવામાં આવે છે, જે લોકશાહીના મૂળભૂત આધારસ્તંભો છે. જો કે, સંવિધાન આ અધિકારોને સંપૂર્ણ અને અમર્યાદિત નથી ગણતું. આનો અર્થ એ છે કે સાર્વજનિક હિતમાં કેટલાક પ્રકારના પ્રતિબંધો આ અધિકારો પર લગાવી શકાય છે. આ પ્રતિબંધો સંવિધાનના મૂળભૂત માળખાને નુકસાન પહોંચાડે એવા ન હોવા જોઈએ. આવા કોઈ પણ ફેરફારો માટે સંસદના બંને ગૃહોમાં બે તૃતીયાંશ બહુમતથી સંવિધાનમાં સુધારો કરવો પડે.

દુર્ભાગ્યવશ, આપણે હજુ પણ મોટાભાગના નાગરિકોને આ અધિકારો વિશે જાગૃત કરી શક્યા નથી. આપણા આ 'ન કરી શકવા'ની ભરપાઈ મૂળભૂત કર્તવ્યો પ્રત્યેનો તેમનો ઉત્સાહ જગાડીને કરી શકાત, પરંતુ આ ઉત્સાહની સ્થિતિ અધિકારો પ્રત્યેની જાગૃતિના અભાવ કરતાં પણ ખરાબ છે.

સંવિધાનના અનુચ્છેદ ૫૧(ક) અને ભાગ ૪(ક)માં નાગરિકો માટેના અગિયાર મૂળભૂત કર્તવ્યો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આપણે સૌએ આ કર્તવ્યો નિભાવવાના છે. આમાંનું પ્રથમ કર્તવ્ય છે, સંવિધાનને સર્વોચ્ચ માનીને તેનું પાલન કરવું અને રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગાનનું સન્માન કરવું. અન્ય કર્તવ્યોમાં દેશની એકતા, અખંડિતતા, સાર્વભૌમત્વ, વિચારધારા, આદર્શો, મૂલ્યો, સંસ્કૃતિઓ, સામાજિક ભાવનાઓ, કુદરતી સંપત્તિ અને જાહેર સંપત્તિની રક્ષા, સંરક્ષણ અને વિકાસ કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સ્વતંત્રતા માટે લડનારા શહીદો અને સામાન્ય નાગરિકોના અધિકારોનું સન્માન કરવું, વૈજ્ઞાનિક વિચારોમાં માનવું અને નવા જ્ઞાનના ક્ષેત્રો વિકસાવવા એ પણ આપણા કર્તવ્યો છે. માતા-પિતા માટે એક અલગ કર્તવ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે કે તેઓ પોતાના છથી ચૌદ વર્ષના બાળકોને પ્રાથમિક શિક્ષણ માટે શાળાએ અવશ્ય મોકલે.


૧૯૭૬માં સંવિધાનમાં ૪૨મા સુધારા દ્વારા આ કર્તવ્યો નિર્ધારિત કરવામાં આવ્યા હતા. આ કર્તવ્યો નિભાવવા બહુ મુશ્કેલ નથી. પરંતુ, જરૂરી જાગૃતિના અભાવે અને આપણા કર્તવ્યોને સમજવાની ઓછી ઈચ્છાશક્તિના કારણે આપણે આ કર્તવ્યોને યોગ્ય રીતે નથી નિભાવી રહ્યા.

નિઃશંકપણે આ પરિસ્થિતિમાં નાગરિકોને તેમના બંધારણીય અધિકારો અને ફરજો વિશે જાગૃત કરવા માટે એક વિશાળ રાષ્ટ્રવ્યાપી સામાજિક-સાંસ્કૃતિક અભિયાનની જરૂર છે. આ અભિયાનમાં નાગરિકોને બંધારણના ગુણો અને મૂલ્યો વિશે પૂરતી માહિતી આપવી જોઈએ.

(અનુ. પાન ૧૮ ઉપર)

વિશેષ ચર્ચા

# જીવ-સૃજન, વિજ્ઞાન અને ધાર્મિક માન્યતાઓ



✍ ડો. મુહમ્મદ રિઝવાન

સામાન્ય રીતે આ સમજવામાં આવે છે કે પ્રૌદ્યોગિકી (ટેકનોલોજી) માત્ર વૈજ્ઞાનિક માહિતી-જાણકારીઓ મુજબ ઉપકરણ અને મશીનો બનાવવાનું નામ છે અથવા ટેકનોલોજી વૈજ્ઞાનિક જાણકારીઓનો પરસ્પર યોગ છે, જે વૈજ્ઞાનિક સિદ્ધાંતોનો ઉપયોગ કરીને વિલાસિતાની, સાધન-સમગ્રી બનાવવા કે સમય અને ઉર્જાને બચાવવાની પ્રક્રિયાઓ (Processes)ના નિર્માણનું નામ છે. આ ટેકનોલોજીની સમજનું એક સ્તર છે. બીજા સ્તર ઉપર આ સમજવામાં આવે છે કે ટેકનોલોજી વાસ્તવમાં સારી કે ખરાબ નથી બલ્કે તેનો ઉપયોગ સારો કે ખરાબ હોય છે. આને ટેકનોલોજીની મૂલ્ય તટસ્થતા કહી શકીએ છીએ. આ હવે જૂનું થઈ ચૂક્યું છે. પરમાણુ ટેકનોલોજીનું ઉદાહરણ આપવામાં આવે છે, કે આનો ઉપયોગ કરીને તમો ઉર્જા- વીજળી બનાવી લો, અથવા તો પરમાણુ-અણુ બોંબ બનાવી લો. આવી જ રીતે ધ્વનિ તરંગો પર આધારિત ટેકનોલોજી છે, જેનો ઉપયોગ કરીને શરીરની અંદર થનારા રોગોની જાણકારી મેળવી લો, અથવા ગર્ભમાં ભ્રૂણની જાતિ જાણીને તેને મોતને ઘાટ ઉતારી દો.

પરંતુ આ કથાનક (Narrative) ફક્ત કેટલીક ટેકનોલોજીઓ માટે જ ખરૂં છે. હવે ટેકનોલોજીના નિર્માણ, સંશોધન અને વિકાસમાં જીવનની અવધારણાનો હસ્તક્ષેપ ખૂબ જ વધી ગયો છે અને અમારૂં માનવું છે કે ઘણી બધી ટેકનોલોજી અસ્તિત્ત્વમાં નથી આવી શકતી, જો એક વિશેષ જીવન અવધારણા, વિજ્ઞાનની ક્ષિતિજ પર હાવી ન થાત.

વર્તમાન યુગમાં ટેકનોલોજી મૂલ્ય તટસ્થતા અને સારા-નરસા ઉપયોગ (Duality)થી ખૂબ જ આગળ નીકળી ચૂકી છે. હવે ટેકનોલોજી સમાજ, ધર્મ અને માન્યતાઓ તથા આ ત્રણેય આયામોની પરસ્પર ક્રિયાને સીધી રીતે પ્રભાવિત કરે છે. હમણા હાલ સુધી, જયારે પણ ધર્મ ટેકનોલોજી અને સમાજના સંબંધમાં ચર્ચા થાય છે, એ ધર્મના પ્રચાર તથા પ્રસારમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ઉપયોગ અને ધર્મની કેટલીક માન્યતાઓના સમર્થન તથા સમાજમાં ટેકનોલોજીની ભૂમિકા સુધી જ સીમિત રહી છે, પરંતુ આધુનિક યુગમાં કેટલીક એવી ટેકનોલોજી અસ્તિત્ત્વમાં આવી છે કે જેમણે જુદા જુદા દૃષ્ટિકોણથી મૌલિક ધાર્મિક માન્યતાઓ અને સમાજ ઉપર બિલકુલ અલગ આયામોથી પોતાનો પ્રભાવ છોડ્યો છે અને હજી પણ એ સતત આને પ્રભાવિત કરી રહી છે, અને નજીકના ભવિષ્યમાં હજુ વધુ કરશે. આવી જ એક ટેકનોલોજી છે કૃત્રિમ જૈવ પ્રૌદ્યોગિકી (Biotechnology).

કૃત્રિમ જૈવ પ્રોદ્યોગિકી, વિજ્ઞાન અને આનાથી જોડાયેલ પ્રૌદ્યોગિકીઓ સામાન્ય રીતે કૃત્રિમ જીવનના નિર્માણનું (Life Forms) નામ છે, જેમના ઉપયોગથી વિશ્વમાં મૌજૂદ રોગો અને પર્યાવરણીય સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય, પરંતુ આ પરિભાષા ખૂબ જ સીધી સાદી પરિભાષા છે. વાસ્તવમાં કૃત્રિમ જૈવ પ્રોદ્યોગિકીથી અભિપ્રાય ''જીવન નિર્માણ''ના ક્ષેત્રે કરાનારા અણથક પ્રયાસોથી છે. ઘણા બધા શોધકર્તા આ ચિંતામાં એટલા માટે

સક્રિય છે કે પ્રારંભિક સ્તરના જીવનને પ્રયોગશાળામાં નિર્મિત કરીને નિર્માતાની ઉપાધિ મેળવી શકે. અને આ બધું વાસ્તવમાં વિજ્ઞાનના નહીં બલ્કે વિજ્ઞાનવાદના પ્રભાવમાં છે. ત્યાં જ આ વાત પણ ખરી છે કે ઘણાં બધા કૃત્રિમ જીવવિજ્ઞાની આ ક્ષેત્રે ફક્ત રોગો અને પર્યાવરણીય સમસ્યાઓના સમાધાન માટે જ સક્રિય છે. કૃત્રિમ જીવ-વિજ્ઞાનના સૌથી મોટા નામોમાંથી એક નામ જે કેગ વિન્ટરનું છે. વીસ વર્ષ પહેલાં તેમણે અને તેમની ટીમે વિજ્ઞાનની પ્રતિષ્ઠિત પત્રિકામાં એક અભૂતપૂર્વ લેખ લખ્યો. કૃત્રિમ જૈવ પ્રૌદ્યોગિકી (Biotechnology)નો ઉપયોગ કરતાં તેમણે એ ઉપલબ્ધિ હાસલ કરી જે કૃત્રિમ જૈવ પ્રોદ્યોગિકીનો અત્યાર સુધીનો સૌથી મહત્ત્વપૂર્ણ ''માઇલ-સ્ટોન'' માનવામાં આવે છે.(1) તેમણે મશીનની મદદથી ડીએનએનું નિર્માણ કર્યું અને આને એક જીવાણું (Bacteria)ના કોષમાં નાખ્યું, જેનું ડીએનએ કાઢી નાખવામાં આવ્યું હતું અને એલાન કર્યું –

Creation of a bacterial cell controlled by chemically synthesized genome.

અર્થાત્ રાસાયણિક રૂપથી સંશ્લેષિત જીનોમ દ્વારા નિયંત્રિત જીવાણુ કોશિકાનું ''સૃજન''.

અહીં creation શબ્દનો ઊંડો અર્થ છે. તેઓ આના સ્થાને ગઠન, કૃત્રિમ રચના (Formation, Synthesis) અથવા કોઈ અન્ય શબ્દનો ઉપયોગ કરી શકતા હતા, પરંતુ તેમણે Creation શબ્દનો ઉપયોગ કર્યો અને માનો આ વાત પર ભાર મૂક્યો કે પ્રયોગ શાળામાં જીવાણુ કોશિકાનું ''સૃજન'' કરી શકાય છે. અને જો સૈદ્ધાંતિક રૂપે એક જીવાણુનું ''સૃજન'' શક્ય છે, તો જટિલ જીવનનું ''સૃજન'' પણ શક્ય છે. આ શોધપત્ર પર દરેક પ્રકારની પ્રતિક્રિયા સામે આવી. (2) ખ્રિસ્તી-જગતમાં કૃત્રિમ જૈવ પ્રૌદ્યોગિકી (ટેકનોલોજી) પર તદ્દન નવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ. ઈશ્વરીય મહિમાની સામે છેડાછેડ જેવા કથાનક ઘણી વધુ ઝડપથી સામે આવવા લાગ્યા. (3)

કૃત્રિમ જૈવ પ્રૌદ્યોગિકી એ સૃજન, ગઠન, સંકલન તથા સંપાદન અને કૃત્રિમતાના નિર્માણના વિવિધ પાસાઓ ઉપર નવા પ્રકારના પ્રશ્નચિહ્ન ઊભા કરી દીધા. દા.ત. જીવનની પરિભાષા પર તો ઘણું બધું લખવામાં, બોલવામાં અને સમજવામાં આવી ચૂક્યું છે. પરંતુ આણ્વિક સ્તરે જીવનની પરિભાષા કઈ હશે? શોધકર્તાઓના એક સમૂહનું કહેવું છે કે જો આણ્વિક સ્તરે જીવનની જે પરિભાષા ડીએનએના સંદર્ભમાં કરવામાં આવે છે તે મુજબ જે. ક્રેગ વિન્ટર અને તેની ટીમ આ નવા જીવાણુની સૃજન છે. એ પરિભાષા આ પ્રકારની છેઃ

ડીએનએ – આરએનએ – પ્રોટીન

અર્થાત્ દરેક એ વસ્તુ જીવિત છે જે ડીએનએથી આરએનએ અને પછી તેનાથી પ્રોટીન બનાવી શકે. આ પ્રયોગમાં સંશોધકોએ દાવો કર્યો કે જીવાણુનું સૃજન થયું છે, કેમકે આણ્વિક જીવ-વિજ્ઞાન મુજબ, જીવન એ છે કે જે ડીએનએથી પ્રોટીન બનાવી શકે. હવે કેમકે અહીં જીવાણુંનું માત્ર ખોળિયું નિર્મિત કરવામાં આવ્યું જેનાથી જીવાણુની તમામ વિશેષતાઓ જેમકે તેની ક્ષમતા, લંબાઈ તથા પહોળાઈ ભૌતિક અને રાસાયણિક ગુણ વિ. બધું જ નિર્ધારિત હોય છે. આથી હવે આનું મૂળ ડીએનએ તો કાઢી નાખવામાં આવ્યું છે. આથી એક ટૂંકી મુદ્દતમાં કોશિકા વિભાજનની પ્રક્રિયા બાદ આ જીવાણુ એ જીવ બની ગયો છે જેને જે. કૈરિગ વેન્ટોર (J. Carig Ventor)ના સાથીઓએ બનાવ્યો અથવા સૃજન કર્યો, નહીં કે એ જેનું સૃજન પ્રાકૃતિક રૂપથી થયો હતો.

અહીં આ વાત સ્પષ્ટરૂપથી સમજી લેવી જોઈએ કે અનસ્તિત્વથી અસ્તિત્વ જ સૃજન કહેવાય છે. અને પ્રયોગશાળામાં કૃત્રિમ ડીએનએ નિર્મિત કરી જે કંઈ જે. કૈરિગ વેન્ટોરે કર્યું એ ફક્ત એક રચના છે, સૃજન નહીં અને આ માત્ર એક રચનાત્મક વિધિ હતી. પરંતુ જો આના ઊંડાણમાં જઈએ અને કૃત્રિમ જૈવ પ્રૌદ્યોગિકીથી પર જોઈએ તો જણાય છે કે તર્ક આ છે કે પ્રોયોગશાળામાં મશીનો દ્વારા જીવ કોશિકા (ડીએનએ)નું બનાવવું અને આને એક જીવાણુના ખોળિયામાં નાખવું વાસ્તવમાં ડીએનએ દ્વારા નિયંત્રિત થનારૂં જીવન છે, ભલેને આની સૌથી સરળ અભિવ્યક્તિ થકી જીવાણુમાં જ પ્રકટ થવું શક્ય બન્યું હોય, પરંતુ આ વાતની ગેરન્ટી છે કે તમો કૃત્રિમ જીવન નિર્મિત કરી શકો છો. આજે આ સરળ છે, આવતી કાલે

(1) Creation of a Bacterial Cell Controlled by a Chemically Synthesized Genome: (2010) Daniel G. Gibson, John 1. Glass et al Science 02 Jul 2010. Vol. 329, Issue 5987, pp. 52-56 DOI:10.1126/science.1190719

(2) Are You Playing God Synthetic Biology and the Chemical Ambition to Create Artifical Lif Joachim Schummer HYLE""International Journal for Philosophy of Chemistry, Vol. 22 (2016) 149-172

(3) Playing God Synthetic Biology from a Protestant Perspective: (2013) Christina Aus der Au Worldviews, Vol. 17. No 1 (2013), pp. 48-59

તમે સૌથી જટિલ જીવન પણ નિર્મિત (અથવા તેમના શબ્દોમાં સૃજન) કરી શકો છે.

વિશેષજ્ઞો સ્વયં આ વાતને સ્વીકારે છે કે આ એક સિદ્ધાંતનું પ્રમાણ (Proof of Principal) છે. આથી નાસ્તિકોએ આ શોધને ખૂબ જ વધારીને કે અતિશ્યોક્તિ સાથે રજૂ કરી છે. બીજી બાજુ બાઈબલમાં થયેલ સૃજનના ઉલ્લેખ પર વિશ્વાસ કરનારાઓએ પણ આની વિરુદ્ધ બહુ લખ્યું છે. બે દાયકા પહેલાં થયેલ આ સંશોધને જે કૃત્રિમ જૈવ પ્રૌદ્યોગિકીની સૌથી મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિઓમાંથી એક હતી, એ સરેરાશ શિક્ષિત યુરોપીય અને અમેરિકી લોકોની ધાર્મિક ચેતના અને ધર્મ આધારિત જીવનની અવધારણા પર અસાધારણ પ્રભાવ પાડ્યો છે. તમામ ઈશ્વરીય ધર્મોમાં સૃજનની અવધારણા અનિવાર્ય રૂપથી કોઈ અલૌકિક સત્તાથી જોડાયેલ છે. આ પ્રકારના સંશોધનો જ્યારે લોકપ્રિય વિજ્ઞાનમાં આવે છે, તો લોકોની ધાર્મિક માન્યતાઓ ઉપર પોતાનો પ્રભાવ છોડે છે. વર્ષ ૨૦૧૦ પછી ઈશ્વરના સૃજન હોવા અને સૃજનની અવધારણા અને કૃત્રિમ જીવ-વિજ્ઞાન તથા તેનાથી જોડાયેલા કેટલાય પાસાઓ પર ઘણા બધા સંશોધનો સામે આવ્યા. કેટલાય અધ્યાય છે જે કૃત્રિમ જીવન-વિજ્ઞાન અને કૃત્રિમ જૈવ પ્રૌદ્યોગિકીની ધાર્મિક માન્યતાઓ પર પડનારા પ્રભાવોની તપાસ કરે છે. દા.ત. નિકોલ ડ્રેગો જ્લોરિક વિ.એ યુરોપીય લોકોનું સર્વેક્ષણ કર્યા બાદ કહ્યું કે ઈશ્વર પર વિશ્વાસ કૃત્રિમ જીવ-વિજ્ઞાનના રદથી જોડાયેલ છે, પરંતુ દૃઢ વિશ્વાસવાળા લોકો આનો વિરોધ, ખાસ કરીને ધાર્મિક માન્યતાઓમાં આના હસ્તેક્ષેપના આધારે કરે છે. (1) ખેર! જે હોય તે, જણાયું કે કૃત્રિમ જીવ-વિજ્ઞાન આસ્થા પર પ્રભાવ પાડે છે.

આવી જ રીતે એલ. કાર્ટર વિ. એ ઓસ્ટ્રેલિયાઈ લોકોની માન્યતાઓ કૃત્રિમ જીવ-વિજ્ઞાન તથા કૃત્રિમ જૈવ પ્રૌદ્યોગિકી પર જાન્યુઆરી ૨૦૨૧માં ટ્રાંસજેનિક રિસર્ચ નામક જનરલમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ શોધ-પરિણામ પ્રસ્તુત કરવામાં આવ્યા છે. (2)

તેમના અનુસાર આ ટેકનિકના ઉપયોગ પર ઈશ્વરીય સત્તાની સાથે છેડાછેડ જેવા કથાનક આંતરિક વાંધાઓ પર આધારિત છે, જે પ્રજામાં જોવા મળે છે અને સંશોધકોને આ સંદર્ભમાં પુનર્વિચાર કરવાની આવશ્યકતા છે.

કૃત્રિમ જીવ-વિજ્ઞાન અને આનાથી સંબંધિત ટેકનોલોજી માત્ર સૃજન સંદર્ભમાં જ નહીં બલ્કે આસ્થા ઉપર પણ લોકોમાં વ્યાકૂળતા પેદા કરે છે, બલ્કે કમજોર આસ્થાવાળા લોકોને આધુનિક વિજ્ઞાનની વિરુદ્ધ પણ ઊભા કરે છે, જેઓ અંતમાં સંપૂર્ણ વિજ્ઞાન, ધર્મ, ટેકનોલોજી અને માન્યતાઓ જેવા કથાનકને પ્રભાવિત કરે છે.

કદાચ કૃત્રિમ જૈવ-પ્રૌદ્યોગિકીની સૌથી સ્પષ્ટ અભિવ્યક્તિ ટ્રાંસહ્યુમનિઝ્મ છે, જે ટેકનોલોજી અને માન્યતાઓના સંદર્ભમાં અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ટ્રાંસહ્યુમનિઝ્મ માનવીને વર્તમાન શારીરિક અને માનસિક સીમાઓથી કાઢીને તેનો વિકાસ અસીમિત શારીરિક તથા માનસિક સીમાઓ સુધી કરી દેવા ચાહે છે. અર્થાત્ વાસ્તવમાં એ વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરી સૃષ્ટાના સૃજનમાં હસ્તક્ષેપ કરવા ચાહે છે.

અમારી નજીક ટ્રાંસહ્યુમનિઝમ ફક્ત એક સિદ્ધાંત અથવા એલ-ફેલ અને કાલ્પનિક વિજ્ઞાન-કથાના રૂપમાં અભરાઈએ પડ્યું હોત, જો કૃત્રિમ જૈવ પ્રૌદ્યોગિકી આને વ્યવહારિક પોષણ ઉપલબ્ધ ન કરાવતી.

મૈક્સ મૂરેના મતાનુસાર ટ્રાંસહ્યુમનિઝમ એ દર્શનનું નામ છે જે વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને વર્તમાન માનવ-સ્વરૂપ, તેની ખામીઓ અને તેની સીમાઓને દૂર કરવા અને તેને વિકાસના શિખર ઉપર પહોંચાડે. (3) બાહ્ય રીતે નિર્દોષ દેખાતી આ પરિભાષાનો વિસ્તૃત અર્થ પણ જોઈએ:

Transhumanist seeks to remix the legacy of humanist thought from a philosophy of life that rejects deities' faith and worship.

અર્થાત્ સ્વભાવિક રૂપથી ટ્રાંસહ્યુમનિઝમ વિશ્વાસ, ઉપાસના અને ઈશ્વરના દર્શનનો અસ્વીકાર કરે છે.

વાસ્તવમાં ટ્રાંસહ્યુમનિઝમ કૃત્રિમ

---

(1) Playing God or just unnatural Religious beliefs and approval of synthetic biology. (2012) Nicolas Dragojlovic. Edna Einsiedel Public Underst Sci. 2013 Oct:22(7):869-85 doi: 10.1177/0963662512445011. Epub 2012 May 24.

(2) Playing God and tampering with nature popular labels for real concerns in synthetic biology (2021), Carter L. Mankad A. Hobman EV, Porter NB Transgenic Res. 2021 Jan 27 doi: 10.1007/s11248-021-00233-2. Epub ahead of print. PMID: 33502671

(3) TRANSHUMANISM Evolutionary Futurism and the Human Technologies of Utopia by Andrew Pilsch. Pg 1-2 Min- neapolis. University of Minnesota Press, 2017

જૈવ પ્રૌદ્યોગિકીનો ઉપયોગ કરીને એક માનવ જેવું મશીન અથવા મશીન જેવો માનવ, બલ્કે આનાથી આગળ વધીને મનુષ્ય અને તેના સૃજનને માનવતાના બિલકુલ અલગ આયામ પર લઈ જવા ચાહે છે.

આ એ તમામ માન્યતાઓ અને વિચારોને પ્રભાવિત કરે છે જે સામાન્યરૂપથી સમાજમાં પ્રચલિત છે, અને માનવ-સમાજ વિભિન્ન સ્તરોની આચાર સંહિતાઓ તેમનાથી મેળવે છે. કૃત્રિમ જીવ-વિજ્ઞાન અને આનાથી સંબંધિત ટેકનોલોજીએ સૃજનની માન્યતા પર સીધો પ્રભાવ નાખ્યો છે. ખાસ કરીને ખ્રિસ્તી જગતમાં આના પર નિયમિત શોધ થઈ રહી છે.

આ પ્રૌદ્યોગિકીને વાસ્તવમાં સૃજનના સંદર્ભમાં વિજ્ઞાનવાદના પ્રચારના રૂપમાં જોઈ શકાય છે. આ ટેકનોલોજીથી સામાન્ય રીતે આ ભ્રમ પેદા કરવામાં આવે છે કે જાણે કે મનુષ્ય પ્રાથમિક સ્તરે જ ખરૂં સૃજન કરવામાં સક્ષમ છે. આથી ઈશ્વરીય ગુણોમાંથી સૌથી મહત્ત્વપૂર્ણ ગુણ કે જે સૃજનથી સંબંધિત છે એ એક ઈશ્વરીય ગુણ ન હોઈને માનવીય ગુણ બની જાય છે. બાયોટેકનોલોજીમાં અસાધારણ વિકાસ છતાં હજારો પ્રશ્નોના ઉત્તર આવવા કે મળવા બાકી છે. પરંતુ આમ છતાં ટેકનોલોજી આજે વિજ્ઞાનવાદના પ્રભાવમાં છે. ફક્ત વિજ્ઞાનને જ જ્ઞાનનું એકમાત્ર સાધન માનનારાઓ દ્વારા વિજ્ઞાનવાદના આધારે નાસ્તિકતાએ જોર પકડ્યું. શરૂઆતમાં વિજ્ઞાનને જાણકારી કે માહિતીના એક માધ્યમના રૂપમાં જોવામાં આવ્યું. પછી આનો વિકાસ જાણકારીના વાસ્તવિક માધ્યમના રૂપમાં થવા લાગ્યો. ધીરે ધીરે ધર્મ તથા વિજ્ઞાન અને તેમનામાં મતભેદના કથાનક સામે આવ્યા. પછી આ વલણ મૂળ પકડવા લાગ્યું. •••

(પાન ૧૪થી ચાલુ)

**ગણતંત્ર દિવસ વિશેષ**

ડૉ. આંબેડકરના આ વિચારને ધ્યાનમાં રાખીએ કે બંધારણ હેઠળ બહુમતનું શાસન એટલું પવિત્ર નથી જેટલું માનવામાં આવે છે. આ શાસનને સિદ્ધાંત તરીકે નહીં પરંતુ નિયમ તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે.

તેથી, આપણા જેવા વિવિધતાભર્યા દેશમાં રાજ્યે જટિલ વિવાદોને ઉકેલવા માટે સર્વસંમતિનો નિયમ અપનાવવો જોઈએ. જ્યુરી પદ્ધતિની જેમ, જ્યાં કોઈ નિર્ણય ત્યારે જ બંધનકર્તા હોય છે જ્યારે તે સર્વસંમતિથી લેવામાં આવે.

આથી, નિષ્કર્ષ તરીકે એવું પણ કહી શકાય કે આપણે બંધારણીય ગણતંત્ર છીએ પરંતુ લોકશાહી ગણતંત્ર બનવા માટે આપણે આપણી ચાલ, ચરિત્ર અને વ્યવહારમાં ઘણા સુધારા કરવાની જરૂર છે.તો હવે શું કરવું? આવો, ૭૪મા ગણતંત્ર દિવસની ઉજવણીમાં આપણે, ભારતની જનતા આ વિશે ચિંતન કરીએ. •••

(પાન ૨૦થી ચાલુ)

**બુદ્ધિ, વિવેક અને સત્યનો સંદેશ**

રાષ્ટ્રવાદની) ભાવનાઓ છે. જ્ઞાતિવાદના ઝઘડા છે. નહિંતર રામના માટે લડનારાઓ પોતે રામની જીવની સુદ્ધાંથી પરિચિત નથી હોતા, ન જ તેમનો એનાથી કોઈ લેવા-દેવા હોય છે કે તેઓ જેમના પ્રત્યે શ્રદ્ધા ધરાવે છે, તેમના વિષે વાંચે અને જાણે.

સૌથી મોટો પુરાવો તો આ છે કે ભારતમાં હિંદુત્વના ધ્વજવાહકો ક્યારેય ઈશ્વરીય આદેશોનું પાલન કરવાની વાત નથી કહેતા, ક્યારેય આ વાત પર ચિંતા વ્યક્ત નથી કરતા. લોકો ઈશ્વરીય આદેશોની અવહેલના કરી રહ્યા છે. બસ તેઓ એક વિશેષ સંસ્કૃતિ લાગુ કરવા ચાહે છે, જેને તેમણે ધર્મનું નામ આપી રાખ્યું છે.

આવા લોકો પર ભલા આ વાતની શી અસર થશે કે કોઈ ધર્મ-ગ્રંથમાં કોઈ નરાશંસ ઋષિનો ઉલ્લેખ આવ્યો છે અથવા કલ્કિ અવતારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમને તો આની પરવા જ નથી, બલ્કે તેઓ તો આને હંસી-મજાકમાં ઉડાવી દે છે (આવી પોસ્ટોની નીચેના કોમેન્ટ જોવાથી આ જ હકીકત સામે આવે છે.

આથી દા'વત (નિમંત્રણ)નું કામ કરવા માટે ભાવનાની સાથે સાથે હિકમત (બુદ્ધિમત્તા, યુક્તિ) પણ જરૂરી છે. વ્યક્તિગત્ મુલાકાત કરતી વખતે સૌથી પહેલાં સામેવાળાના ધર્મ પ્રત્યેના દૃષ્ટિકોણને જાણવો જરૂરી છે, અને પછી એ જ અનુસાર એની સાથે વાત કરવી જોઈએ.

આનાથી વિપરીત સાર્વજનિક રૂપથી ઈસ્લામનો સંદેશ અન્યો સુધી પહોંચાડવા માટે સૌને નાસ્તિક માનીને બૌદ્ધિક તર્કો દ્વારા પોતાની વાત મૂકવી જોઈએ. એટલા માટે કે વર્તમાન સમયમાં બહુમતી વ્યાવહારિક રૂપે નાસ્તિકોની છે, અને તેમને સમજાવવા માટે ધર્મ-ગ્રંથોના હવાલા નહીં, તમને બૌદ્ધિક રૂપથી ઈસ્લામને સાચો પુરવાર કરતાં આવડવું જોઈએ. •••

ગુલઝાર સહરાઈ



# બુદ્ધિ, વિવેક અને સત્યનો સંદેશ

જો તમે આ માનો છો કે ઈશ્વર જેવી કોઈ સર્વોપરી સત્તા છે કે જેણે આ સમગ્ર સૃષ્ટિ બનાવી છે, તો અવશ્ય જ તમારા માટે આ માનવું આનિવાર્ય થઈ જાય છે કે પછી તેણે માનવીના માર્ગદર્શનની પણ કોઈ વ્યવસ્થા કરી હશે. આ માર્ગદર્શન એટલ માટે જરૂરી છે કેમકે મનુષ્ય પશુઓની જેમ માત્ર જીવ નથી, બલ્કે એ બુદ્ધિ તથા વિવેક ધરાવે છે અને આ બુદ્ધિ અને વિવેક તેને સારપ અને બૂરાઈ બન્ને માર્ગોની તરફ જવાની સ્વતંત્રતા આપે છે. ઐચ્છિક સ્વતંત્રતાનો આ ગુણ ફક્ત માનવરૂપી પ્રાણીને જ મળ્યો છે, જેનાથી સકારાત્મક કામ લઈને જ્યાં તેણે જ્ઞાન-વિજ્ઞાનમાં ઉન્નતિ કરી છે, ત્યાં જ આનો દુરુપયોગ કરી પ્રકૃતિ સાથે ચેડાં કરીને માત્ર પ્રાકૃતિક વ્યવસ્થામાં બગાડ પેદા કર્યો છે એટલું જ નહીં બલ્કે પોતાના જેવા બીજા મનુષ્યોને વિનાશમાં પણ ધકેલી દીધા છે.

પ્રકૃતિએ અર્પેલ/પ્રદત્ત મનુષ્યની આ જ ઐચ્છિક સ્વતંત્રતા આ માગ કરે છે કે તેનું ખરી દિશામાં માર્ગદર્શન કરવામાં આવે અને તેને બતાવવામાં આવે કે તેના માટે ખરી નીતિ શું છે અને ખોટી શું. માત્ર બુદ્ધિ અને વિવેક દ્વારા આ નિર્ણય કરી શકાય નહીં, એટલા માટે કે પ્રત્યેક વ્યક્તિનું સારપ તથા બૂરાઈનું પોતાનું માપદંડ હોય છે. કોઈ કાર્ય કોઈ વ્યક્તિની દૃષ્ટિમાં સારૂં છે, પરંતુ બીજાની બુદ્ધિ તેને તદ્દન ખોટું માને છે. આવામાં કોનો નિર્ણાયક માનવામાં આવે ? આ પ્રશ્નનો ઉત્તર આ સિવાય કંઈ જ નથી કે મનુષ્ય માટે શું ખરૂં છે અને શું ખોટું આનું નિર્ધારણ એ જ કરી શકે છે જેણે તમામ મનુષ્યોને બનાવ્યા છે. અને ફક્ત બનાવ્યા છે એટલું જ નહીં બલ્કે ખરા અને ખોટા માર્ગ તરફ જવાની સ્વતંત્રતા પણ આપી છે. આવામાં એ પરમ સત્તા માટે આ આવશ્યક થઈ જાય છે કે એ પોતાના આ વિશેષ પ્રાણીના માર્ગદર્શનની પણ વ્યવસ્થા કરે, જેણે તેને માત્ર પશુઓની જેમ માત્ર એક પ્રકારની પ્રવૃત્તિનું પાલન કરનાર નથી બનાવ્યો, જેની હેઠળ બકરી માત્ર ઘાસ ખાય છે. તેને ક્યારેય કોઈ પશુનો શિકાર કરવાનો વિચાર સુદ્ધાં નથી આવતો, જ્યારે કે આનાથી વિપરીત સિંહ ફક્ત શિકાર કરીને જ ખાય છે, એ ક્યારેય ફળ-ફળાદિ કે શાકભાજી કે ઘાસ ખાવવા વિશે નથી વિચારતો.

આથી જો તમે આ માનો છો કે ઈશ્વર જેવી કોઈ પરમ સત્તા છે, તો પછી તમે સ્વયંને પશુઓની જેમ માત્ર એક જીવ-પ્રાણી નથી સમજી શકતા, બલ્કે તમારે આ પણ માનવું પડશે કે ઈશ્વરે આપણા માર્ગદર્શનની કોઈ ને કોઈ વ્યવસ્થા કરી હશે. પવિત્ર કુર્આનનું દર્શન આપણને આ જ બતાવે છે. અને ફક્ત આટલું જ નહીં, બલ્કે તે આ પણ બતાવે છે કે મનુષ્ય ઐચ્છિક સ્વતંત્રતા આમ જ આપી દેવામાં નથી આવી, બલ્કે પરીક્ષાના હેતુથી આપવામાં આવી છે અને આ પરીક્ષાનું પરિણામ તેને મૃત્યુ પછી જણાશે કે એ ઈશ્વરના

માર્ગદર્શનથી લાભ ઉઠાવીને સફળ થયો છે, અથવા તો તેની ઉપેક્ષા કરીને નિષ્ફળ.

જો તમે ખરેખર ઈશ્વરમાં વિશ્વાસ ધરાવો છો તો તમારે આ પાસાથી અવશ્ય વિચારવું જોઈએ અને સત્યની શોધ કરવી જોઈએ. આ બુદ્ધિ અને વિવેકનો પણ તકાદો છે અને તમને મળેલ ઐચ્છિક સ્વતંત્રતા પણ ખરી દિશા-નિર્દેશનની માગ કરે છે.

જો કે આ હકીકત છે કે મુસલમાનોનો એક મોટો વર્ગ ઈસ્લામથી અજાણ અને પોતાના પારંપરિક રૂપથી મુસલમાન હોવા પર સંતુષ્ટ અને મગન છે, અને તેને આની કોઈ પરવા નથી કે ઈસ્લામનો સંદેશ બીજાઓ સુધી પહોંચાડવો એ ફક્ત એની ફરજ છે, એટલું જ નહીં બલ્કે આવું ન કરવા બદલ તેની પકડ પણ થઈ શકે છે. ત્યાં જ એવા મુસલમાનો પણ મૌજૂદ છે જેઓ આ વાતનો પૂરેપૂરો પ્રયાસ કરી રહ્યા છે કે ઇસ્લામનો સંદેશ માત્ર બીજાઓ સુધી પહોંચી જાય એટલું જ નહીં બલ્કે તેઓ આનો સ્વીકાર કરી પોતાના વાસ્તવિક પાલનહારના આજ્ઞાકારી બંદા બની જાય.

આ પ્રયત્નો વિવિધ રીતે કરવામાં આવી રહ્યા છે, તેમનામાંથી એક રીત છે સ્વયં હિંદુ ધર્મ-ગ્રંથોથી એવી વસ્તુઓ રજૂ કરવાની કે જે ઇસ્લામી વિચારધારાનું સમર્થન કરતી હોય. પરંતુ જો ઊંડાણપૂર્વક પરિસ્થિતિઓનું અધ્યયન કરવામાં આવે તો લાગે છે કે આ પ્રકારના હવાલા-સંદર્ભ આજના યુગમાં પૂરી રીતે અપ્રાસાંગિક થઈ ચૂક્યા છે, અને આમનો કોઈ સારો પ્રભાવ નથી પડતો. આનું નિરીક્ષણ કરવા માટે આ પ્રકારની પોસ્ટોની નીચે તે કોમેન્ટ્સ જોઈ લેવી પૂરતી હશે જે આ પોસ્ટોના જવાબમાં બિન-મુસ્લિમો તરફથી કરવામાં આવે છે.

પ્રથમ તો હિંદુ ધર્મ-ગ્રંથોનો હવાલો આપવો એટલા માટે પણ ખોટો છે, કેમકે આનાથી આ ખોટો સંદેશ જાય છે કે જાણે આપણે એ ગ્રંથો ઈશ-ગ્રંથ માની રહ્યા છીએ, જ્યારે કે એક મુસલમાન ફક્ત એ કિતાબોને અલ્લાહની કિતાબો માનવાનો પાબંદ છે, જેમનો ઉલ્લેખ કુર્આનમાં આવ્યો છે. ઉદાહરણરૂપે તૌરાત, ઝબૂર અને ઈન્જીલ. આ ત્રણ કિતાબોનો ઉલ્લેખ કુર્આનમાં આવ્યો છે. જો કે આમાં પણ ફેરફાર થઈ ચૂક્યો છે. ચોથી અને ફાઇનલ કિતાબ ખુદ કુર્આન છે. આ ચાર કિતાબો સિવાય આપણે નિશ્ચિતરૂપે કોઈ પણ કિતાબને ઈશ-ગ્રંથ નથી કહી શકતા. જો બીજા ધર્મોની કિતાબોમાં કેટલીક એવી વાતો આવી પણ છે કે જેમનાથી ઇસ્લામી વિચારધારાની પુષ્ટિ થાય છે, તો પણ આપણે તેનો હવાલો (રેફરન્સ) આપવો ન જોઈએ, કેમ ? આનો ઉત્તર આગળ આવી રહ્યો છે.

અને જવાબ આ છે કે આનાથી એક ખોટો સંદેશ તો આ જાય છે કે આપણે એ કિતાબોની ઈશ-ગ્રંથ રૂપે પુષ્ટિ કરી રહ્યા છીએ. આવી રીતે ફરી એ લોકો આપણાથી માગ કરી શકે છે કે જ્યારે તમે અમારી કિતાબોની આ વાતોને માનો છો, તો બીજી વાતો કેમ નથી માનતા ? ‘‘મીઠું મીઠું હપ-હપ અને કડવું-કડવું થૂ-થૂ’’નું વલણ કેમ અપનાવી રહ્યા છો ? દેખીતું છે કે આનો આપણી પાસે કોઈ જવાબ નહીં હોય કે આપણા માટે મૂળ પ્રમાણ ફક્ત કુર્આન છે, એવામાં હિંદુ ધર્મ-ગ્રંથોના હવાલા આપવા નિરર્થક થઈ જાય છે.

બીજી બાજુ સૌથી મહત્ત્વનું કારણ છે સ્વયં સંબોધિત વ્યક્તિઓની માનસિકતાને ન સમજવી. ઈસ્લામની દા’વત બીજાઓ સુધી પહોંચાડનારા આપણા ભોલા-ભાળા દાઈ (નિમંત્રક) સજ્જનો સમજે છે કે જે રીતે તેઓ કુર્આનને સનદ માને છે, એવી જ રીતે હિંદુભાઈ પણ પોતાના ધર્મ-ગ્રંથોને પ્રમાણ માને છે, અને પોતાના જીવનમાં તેમનાથી શિક્ષણ ગ્રહણ કરી તેમનું જ પાલન કરે છે. જ્યારે કે વાસ્તવમાં આવું કશું જ નથી.

બિન-મુસ્લિમોનો એક મોટો વર્ગ ધર્મથી બિલકુલ અજાણ છે. એ તો પારંપરિક મુસલમાનો જેટલો પણ પોતાના ધર્મથી લગાવ નથી ધરાવતો. એ સૈદ્ધાંતિક નથી, ફક્ત સાંસ્કૃતિક રૂપે ધાર્મિક છે. બાકી તેને આનાથી કંઈ જ લેવા-દેવા નથી કે ધર્મ-ગ્રંથોમાં શું લખ્યું છે ? મૃત્યુ પછી શું થશે ? સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવે તો એક મોટાવર્ગનું જીવન વ્યાવહારિક રૂપે એક નાસ્તિકના જીવન સમાન જ છે. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવું, પૈસા કમાવવા, એશ-આરામનું જીવન જીવવું અને પછી મરી જવું બાકી તેને બીજો કોઈ મતલબ નથી. ધર્મ જ કંઈ હશે તો એ પંડા-પૂજારીઓ જાણે. આ છે સાધારણ હિંદુની વિચારધારા.

અહીં કોઈના મનમાં આ પ્રશ્ન ઉદ્‌ભવી શકે છે કે ભારતમાં આટલા બધા કોમી રમખાણો થાય છે, શું આ વાતનું પ્રમાણ નથી કે ભારતીયો પોતાના ધર્મ પ્રત્યે કેટલા ગંભીર છે ? આનો જવાબ આ છે કે જેમને ધાર્મિક ભાવનાઓ સમજવામાં આવે છે એ વાસ્તવમાં કોમ પ્રત્યેની (કે

(અનુંસંધાન પાન ૧૮ ઉપર)

# સાવધાન, શિયાળામાં સ્ટ્રોકનો ખતરો



શિયાળાની શરૂઆત થઈ ચૂકી છે. ગુલાબી ઠંડ દસ્તક આપવા લાગી છે. આ ઋતુને ખાવા-પીવાની તકોને ખાવાની દૃષ્ટિએ ખૂબ જ સારી માનવામાં આવે છે, આથી લોકો આનો અધિરાઈપૂર્વક ઈન્તેજાર કરે છે. પરંતુ ઠંડ પોતાની સાથે કેટલાય ગંભીર રોગો પણ લઈને આવે છે. તે પૈકી એક સ્ટ્રોક પણ છે. બતાવી દઈએ, ઠંડના લીધે બ્લડ સર્ક્યુલેશન બરાબર નથી થતું જેના લીધે લોહી થીજવા લાગે છે. આવી સ્થિતિમાં લોહી મગજ સુધી નથી પહોંચી શકતું, જેના કારણે મસ્તિષ્કના ઊતકો (પેશીઓ, Tissues)ને સારી રીતે ઓક્સિજન અને પોષક તત્ત્વ નથી મળી શકતા. આના લીધે મગજની કોશિકાઓ કમજોર થવા લાગે છે જેના લીધે સ્ટ્રોકની સમસ્યા સર્જાઈ શકે છે. આ સ્થિતિ અત્યંત ગંભીર હોય છે.

કહેવાય છે કે મન અને મસ્તિષ્કને જે કાબૂમાં રાખે છે, એ જીવનમાં સફળ થાય છે. સત્ય તો આ છે કે જે માણસ મન-મસ્તિષ્કના નિરોગી રહેવાનું ધ્યાન રાખે છે, એ ફક્ત સફળ થાય છે એટલું જ નહીં બલ્કે લાંબુ અને નિરોગી જીવન પણ જીવે છે. જો હાઈ બ્લડપ્રેશર જેવી તકલીફ છે અને રક્તવાહિનીઓનો માર્ગ સાંકડો થઈ ચૂક્યો છે તો મગજમાં લોહી થીજવાની આશંકા વધી જાય છે. આનાથી સ્ટ્રોકનો ખતરો વધી જાય છે. એવી ઘણી રીતો છે કે જેમને અપનાવીને કોઈ પણ વ્યક્તિ સ્ટ્રોકની તકલીફોથી મોટી હદ સુધી બચેલી રહી શકે છે.

આપણા શરીરમાં સૌથી વધુ લોહીની જરૂરત મગજને જ પડે છે. શરીરમાં મૌજૂદ ૭૫ ટકા લોહીનું વ્હેણ-પ્રવાહ બ્રેઈન-મગજ તરફ હોય છે અને બાકી ૨૫ ટકાથી જ શરીરના બાકીના અંગોનું કામ ચાલે છે. ખરૂં તો આ છે કે લોહીની સાથે એનર્જીની ખપત પણ મગજમાં જ સૌથી વધુ થાય છે. મગજ જ્યારે લોહી પંપ કરે છે તો એ શરીરના બાકીના ભાગો સાથે મગજ સુધી પણ પહોંચતું રહે છે. એ લોહીને મગજના દરેક ભાગ સુધી પહોંચાડવાનું કામ લોહીની નળીઓ કરે છે. આમાં કેટલીય મોટી અને લાંબી નળીઓ હોય છે, તો કેટલીક એકદમ પાતળી સરખી કેપલરિઝ. સ્ટ્રોકની સમસ્યા ત્યારે આવે છે કે જ્યારે નળીઓ-નસો (વેઈન) ફાટી જાય. નળીઓમાં લોહી થીજી જાય વિ. લોહી થીજી જવાથી જો લોહીનો ધક્કો મગજના કોઈ ભાગ ઉપર દબાણ નાખે છે તો લકવાની સમસ્યા ઊભી થઈ જાય છે. લોહીના ધક્કાથી બોલવા, ચાલવા વિ.માં પણ મુશ્કેલી સર્જાઈ શકે છે. શિયાળામાં હૃદયના રોગો સાથે બ્રેઈન સ્ટ્રોકનો ખતરો પણ વધી જાય છે. કેટલીક વાતોનું ધ્યાન રાખો તો ખતરો ઘણી હદ સુધી ઘટી જાય છે.

**લક્ષણ**

જ્યારે પણ શરીરના કોઈ એક ભાગમાં કમજોરી લાગવા માંડે અથવા બોલવામાં જીભ લથડાય અથવા બોલવાનું બંધ થઈ જાય, જોવામાં મુશ્કેલી થાય, અથવા તો પછી હરવા-ફરવામાં તકલીફ થાય તો દર્દીને તરત જ એવી હોસ્પીટલમાં લઈ જવો જોઈએ જ્યાં બ્રેઈન સ્ટ્રોકનો ઈલાજ ઉપલબ્ધ હોય. આ વાતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે આ તમામ મુશ્કેલીઓ સર્જાવાના વધુમાં વધુ ૪ કલાકમાં ઈલાજ મળી જવો જોઈએ. આનાથી દર્દીના સાજા થવાની આશાઓ ઘણી હદ સુધી વધી જાય છે.

### કારણ

(૧) **રક્ત વાહિનીઓનું સંકોચાવવું:** ઠંડકના લીધે રક્ત વાહિનીઓ સંકોચાવા લાગે છે, જેનાથી બ્લડપ્રેશર વધી જાય છે જે સ્ટ્રોકનું સૌથી મોટું કારણ છે. આ વધેલું દબાણ હૃદય પ્રણાલીઓ પર દબાણ નાખે છે. ખાસ કરીને જે લોકો હાઇ બ્લડ પ્રેશર, ડાયાબિટિસ અને હૃદય રોગ જેવા રોગોથી પીડિત છે. તેમને સ્ટ્રોક આવવાની શક્યતા વધુ હોય છે.

(૨) **શારીરિક ગતિવિધિઓમાં કમી:** શિયાળા દરમ્યાન ખરાબ જીવનશૈલી અને ખાણી-પીણી સ્ટ્રોકનું એક મોટું કારણ છે. વાસ્તવમાં ઠંડ વધવાથી શારીરિક ગતિવિધિમાં ઘટાડો થાય છે અને લોકો આળસના લીધે મોટાભાગે ઘરની અંદર રહે છે. શિયાળામાં આપણી દિન-ચર્યા બદલાઈ જાય છે. આપણે સવારે મોડે સુધી ઊંઘીએ છીએ અને વધુ સમય સુધી પથારીમાં પડયા રહીએ છીએ. કસરત ઓછી કરીએ છીએ. હરવું-ફરવું ઓછું થઈ જાય છે. આ કારણોથી બ્લડપ્રેશરમાં વધારો થઈ જાય છે, અને તેથી સ્ટ્રોકની આશંકાઓ વધી જાય છે.

આ દરમ્યાન લોકો કસરત ઓછી કરે છે અને હાઇ કેલેરીયુક્ત ખોરાકનું સેવન વધુ કરે છે જેનાથી વજન ઝડપથી વધે છે. આ કારણસર બ્લડ-પ્રેશર અને બેડ કોલેસ્ટ્રોલ પણ ઝડપથી વધે છે. આ કારક લોહીના જાડાપણું અને ધક્કા સર્જાવવાની શક્યતાને ઝડપથી વધારે છે.

(૩) **ઓછું તાપમાન :** શિયાળામાં તાપમાન ઓછું હોવાના લીધે લોહી ઘટ્ટ-જાડું થવા લાગે છે જેનાથી લોહીમાં ધક્કા (પ્રેશર) સર્જાવા લાગે છે અને પછી આનાથી મસ્તિષ્કની રક્ત વાહિનીઓ બંધ થઈ શકે છે. આનાથી સ્ટ્રોકનું જોખમ વધી શકે છે. વિશેષરૂપે ઈસ્કેમિક સ્ટ્રોક માટે ખતરનાક, જ્યાં રક્તના ધક્કા મસ્તિષ્કમાં રક્તના પ્રવાહને અવરોધે છે.

(૪) **ફ્લૂ :** શિયાળામાં ફ્લૂ જેવા શ્વસન સંક્રમણનું પ્રમાણ (દર) વધી જાય છે. આ સંક્રમણ સોજાનું કારણ બને છે, જેનાથી રક્તવાહિનીઓ પર દબાણ વધી શકે છે અને સ્ટ્રોકનું જોખમ વધી શકે છે. સોજો ધમનીઓમાં પ્લાકના ફાટવાની શક્યતાને વધારે છે, જેનાથી ધક્કા સર્જાઈ શકે છે અને અંતે સ્ટ્રોક થઈ શકે છે.

(૫) **ધુમ્રપાન અને શરાબ :** એવા લોકો કે જેમને સ્મોકિંગ (ધુમ્રપાન)ની ટેવ છે એ શિયાળામાં પોતાને ગરમ રાખવાના બ્હાનાથી વધુ પ્રમાણમાં સ્મોકિંગ (ધુમ્રપાન) કરતા રહે છે. તંબાકૂનો ઉપયોગ પણ વધી જાય છે. કેટલાક લોકો આ જ બ્હાનાથી આલ્કોહોલ (શરાબ)નું સેવન વધારી દે છે. આ બંને શરીર માટે બહુ વધારે ખતરનાક છે. આનાથી બ્લડપ્રેશરમાં વધારો થઈ જાય છે આથી આમને તરત જ છોડી દેવા જોઈએ. જો છોડવા મુશ્કેલ હોય તો આમનું પ્રમાણ અવશ્ય ઘટાડી દેવું જોઈએ.

### બચાવ

વિંટર સ્ટ્રોકથી બચવા માટે ઠંડા પવનોથી બચવું બહુ જરૂરી હોય છે. આવામાં પોતાની જાતને સક્રિય રાખવી પડશે. જીવનશૈલીને બહેતર કરવા માટે એન્ટીઓક્સિડન્ટથી ભરપૂર સંતુલિત ડાયટ લેવી. રક્ત વાહિનીના સંકોચનને અટકાવવા માટે હંમેશ ગરમ વસ્ત્રો પહેરવા જોઈએ અને જોખમોને ઘટાઢવા માટે શ્વસન સંક્રમણ માટે રસીકરણ (વેક્સિનેશન)નું સુનિશ્ચિત કરવું જોઈએ. નમક અને ચરબી (ફેટ)નું સેવન ઓછું કરવું જોઈએ. તનાવ-મુક્ત જીવનશૈલી, સિગારેટ, મદિરા અને અન્ય કોઈ પણ નશાથી દૂર રહેવું સ્ટ્રોકની રોકથામમાં લાભદાયી હોય છે.

જો સ્ટ્રોકના લક્ષણ દેખાય તો તુરત જ હોસ્પીટલ જાવ, કેમકે સ્ટ્રોક પછી એક-એક મિનિટ ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે. ક્યારેક ક્યારેક સ્ટ્રોક પહેલાં પણ થોડીક મિનિટો માટે સ્ટ્રોક જેવા લક્ષણ અનુભવાઈ શકે છે, જે આપમેળે સારા પણ થઈ જાય છે. આને અવગણવાને બદલે ડોકટરથી સલાહ લઈ ઈલાજ શરૂ કરવો જોઈએ. આનાથી મોટા સ્ટ્રોકથી બચી શકાય છે. •••


**Eye Guard Opticals**

Irfan Saiyad

Mo. : 98252 84358






We make spectacles as per Dr. Prescription.
Fitting of spectacles will be done on Japan Automatic Machine

S-B-3, Sunrise Point,
Hanuman Gali, Opp.
Kumar Sala No. 1,
Raopura, Vadodara



# ક્લાઉડ કોમ્પ્યુટિંગમાં વધી રહી છે તકો

ક્લાઉડ કોમ્પ્યુટિંગ પર આધારિત કામકાજ દેશ અને દુનિયામાં ઝડપથી વધી રહ્યું છે. માનવામાં આવી રહ્યું છે કે ઈ.સ. ૨૦૨૫ સુધી દેશમાં ૨૦ લાખ ક્લાઉડ પ્રોફેશનલ્સની જરૂરત હશે. આઈ.ટી. સેક્ટરમાં રુચિ ધરાવનારા યુવાનો આ ટેક્નિકમાં કુશળતા હાસલ કરી ક્લાઉડ કોમ્પ્યુટિંગના માસ્ટરના રૂપમાં પોતાના કેરિયરને ઉડાન આપી શકે છે.

ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક હોય કે પછી વીડિયો શૅયરિંગ પ્લેટફોર્મ યૂ-ટ્યૂબ, આના પર દરરોજ લાખોની સંખ્યામાં વીડિયો તથા તસ્વીરો અપલોડ થાય છે. આટલા બધા વીડિયોને ઈન્સ્ટોલ કરવા માટે જે ટેક્નિકનો ઉપયોગ કરે છે એ છે ક્લાઉડ કોમ્પ્યુટિંગ. ગૂગલ ડ્રાઈવ પણ એક શ્રેષ્ઠ ઉદાહરણ કહી શકાય છે, જે આ જ ટેક્નોલોજીની મદદથી હજારોની સંખ્યામાં ફોટાઓ, વીડિયો અને ડોક્યૂમેન્ટ્સને સ્ટોર કરે છે.

આણે કારોબારને પહેલાં કરતાં ઘણો વધારે સરળ તથા સુવિધાજનક બનાવી દીધો છે. એક અહેવાલ મુજબ આવનારા વર્ષોમાં જો તમામ એસએમઈઝ ક્લાઉડ કોમ્પ્યુટિંગને અપનાવે છે, તો આનો બજાર ૫૬ બીલિયન ડોલરની આસપાસ પહોંચી જશે. આનાથી ૧.૧ મીલિયન અતિરિક્ત (Extra) નોકરીઓ ઊભી થવાની શક્યતા છે. હાલમાં નૈસકૉમનું સર્વેક્ષણ કહે છે કે ઈ.સ. ૨૦૨૦માં દેશમાં ત્રણ લાખ એંસી હજાર જેટલી નોકરીઓ સર્જાઈ હતી. નૈસકૉમના અહેવાલ મુજબ ઈ.સ. ૨૦૨૫ સુધી ભારતને ૨૦ લાખ જેટલા ક્લાઉડ કોમ્પ્યુટિંગ પ્રોફેશનલ્સની જરૂરત હશે. આનું તાત્પર્ય છે કે યુવાનોને મોટા પ્રમાણમાં આ ક્ષેત્રે કુશળ બનાવવાની આવશ્યકતા છે.

**શું છે ક્લાઉડ કોમ્પ્યુટિંગ :**

ક્લાઉડ કોમ્પ્યુટિંગ એક એવી ટેક્નોલોજી છે કે જેના દ્વારા ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકાય છે. ચાહે એ સોફ્ટવેયર પ્રદાન કરવા હોય કે સર્વર ઉપર સ્ટોરેજ સ્પેસ આપવો અથવા કોઈ અન્ય સેવા. આમાં કોઈ પણ પ્રકારની કોમ્પ્યુટરની સર્વિસને ઈન્ટરનેટ દ્વારા યૂઝરની માગ પર તેને પ્રદાન કરવામાં આવે છે. જેમકે આ ટેક્નોલોજીમાં યૂઝરને ઈન્ટરનેટના એક સર્વર ઉપર (જેને ક્લાઉડ પણ કહેવામાં આવે છે) ડેટા સ્ટોરેજની સુવિધા આપવામાં આવે છે. યૂઝર ક્લાઉડ પર સર્વિસ ખરીદીને પોતાનો ડેટા તેના પર સેવ કરી શકે છે. આ ડેટા એ દુનિયામાં ક્યાંયથી પણ એક્સેસ કરી શકે છે.

ક્લાઉડ કોમ્પ્યુટિંગમાં પોતાના સિસ્ટમને પ્રાઈવેટ કે પબ્લિક નેટવર્કથી જોડીને ડેટા અને ફાઈલ સ્ટોર કરી શકે છે. આ ટેક્નોલોજીથી કોમ્પ્યુટેશન, એપ્લીકેશન્સ હોસ્ટિંગ, કન્ટેટના સ્ટોરેજ અને ડિલિવરી પ્રોસેસમાં આવનાર ખર્ચ ઘણી હદ સુધી ઓછા થઈ શકે છે. આની મદદથી એક સંસ્થા અથવા કંપની પોતાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધુ ફેરફાર કર્યા વિના વિકાસ કરી શકે છે. તેમને રિસોર્સિઝ તથા ડેટાના શેયરિંગમાં ઘણો ફાયદો થાય છે. આનાથી વાયરસથી થનારા નુકસાનના ખતરા સિસ્ટમ ઉપર કામ કરનાર ન તો કોઈ હાર્ડડ્રાઈવની જરૂરત હોય છે અને ન જ મધરબોર્ડની. ફક્ત કી-બોર્ડ, માઉસ, સ્ક્રીન અને મોડમની મદદથી કોમ્પ્યુટરને ઓપરેટ કરી શકાય છે. આનાથી મેન-પાવરની જરૂરત અને ખર્ચ ઓછા થઈ ગયા છે.

**કેવી રીતે કરે છે કાર્ય :**

ક્લાઉડ મુખ્ય રૂપથી ત્રણ પ્રકારના હોય છે. પ્રાઈવેટ, પબ્લિક અને

હાઈબ્રિડ. પ્રાઈવેટ ક્લાઉડ હેઠળ એક કંપનીને પ્રાઈવેટ ડોમેન આપવામાં આવે છે. આનાથી કંપનીને પ્રાઈવેસી સાથે સંવેદનશીલ ડેટાની પૂરી સુરક્ષા મળે છે. પબ્લિક ક્લાઉડમાં એક્સટર્નલ પ્રોવાઈડર્સ મલ્ટીપલ કલાયંટ્સને ક્લાઉડ ઍસાઈન કરે છે. આના બદલે તેમને એક નિશ્ચિત રકમ ચૂકવવાની હોય છે. તમામ કલાયંટ્સ સિંગલ ક્લાઉડ્ પર ઓપરેટ કરે છે, ત્યાં જ હાઈબ્રિડ ક્લાઉડ પબ્લિક અને પ્રાઈવેટનું કોંબિનેશન હોય છે. ક્લાઉડ કોમ્પ્યુટિંગમાં મોંઘા સોફ્ટવેયર પેકેજિસ અને હાર્ડવેયર સિસ્ટમ્સ ઈન્સ્ટોલ કરવાની જરૂરત નથી હોતી. સીધા જ ઈન્ટરનેટથી સર્વિસ પ્રોવાઈડરને રકમ આપીને સોફ્ટવેયર ડાઉનલોડ કરી શકાય છે.



**શૈક્ષણિક લાયકાત :**

ક્લાઉડ કોમ્પ્યુટિંગમાં કૅરિયર બનાવવા માટે સ્ટૂડન્ટ્સની પાસે કોઈ માન્યતા પ્રાપ્ત વિશ્વ વિદ્યાલયથી કોમ્પ્યુટર સાયંસ કે બી. ટેક.માં સ્નાતક ઉપરાંત ક્લાઉડ કોમ્પ્યુટિંગમાં સ્પેશ્યાલાઈઝેશન તથા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી હોવી જોઈએ. તેઓ ક્લાઉડ કોમ્પ્યુટિંગ અને વર્ચ્યુલાઈઝેશનમાં બી.ટેક., સ્ટોરેજ એન્ડ ક્લાઉડ કોમ્પ્યુટિંગમાં મેનેજમેન્ટ જેવા કોર્સ કરી શકે છે. દરેક સંસ્થાનમાં કોર્સ મુજબ પાત્રતા નિર્ધારિત થાય છે. આમ તો, જે છાત્રોને આમાં આગળ વધવાનો જનૂન છે, તેઓ ડિપ્લોમા અથવા ડિગ્રી કોર્સ કરીને પણ આવી શકે છે. હાલમાં ઓફલાઈન તથા ઓનલાઈન કેટલાય એડવાન્સ સર્ટિફિકેશન કોર્સિઝ પણ ઓફર કરવામાં આવી રહ્યા છે.

**બુન્યાદી કૌશલ્ય :**

ક્લાઉડ કોમ્પ્યુટિંગના ક્ષેત્રે આગળ વધવા માટે પ્રોગ્રામિંગ ઉપરાંત ડેટાબેઝ મેનેજમેન્ટ ક્લાઉડ એન્વાયવનમેન્ટ, સિક્યોરિટી, નેટવર્ક મેનેજમેન્ટ, એ.આઈ., મશીન લર્નિંગ જેવી સ્કિલ્સ હોવી જોઈએ. તમારે કોડિંગ ઉપરાંત જાવા સ્ક્રિપ્ટ, પાઈથન પ્રોગ્રામિંગ લેંગ્વેજની જાણકારી રાખવી પડશે. વર્ચ્યુઅલ નેટવર્ક તથા ક્લાઉડ નેટવર્કિંગનો જેટલો બેઝિક નોલેજ હશે, એટલું સારૂં. ડેટા ઈન્ટીગ્રેશન, ડેટા એનાલિટિક્સ, ડેટા માઈનિંગ જેવી સ્કિલ્સ પણ આગળ વધવાનો ભરપૂર મોકો આપે છે.

**શક્યતાઓ :**

ભારતમાં ઈ-કોમર્સ કંપનીઓ અને એસ.એમ.ઈઝમાં ક્લાઉડ વ્યવસાયિકોની માગ છે જે રોજેરોજ વધતી જ જઈ રહી છે. ક્લાઉડ કોમ્પ્યુટિંગ કરવા ઉપરાંત ક્લાઉડ સોફ્ટવેયર એન્જીનિયર, ક્લાઉડ એન્જીનિયર, ક્લાઉડ ઓટોમેશન એન્જીનિયર, ડેટા એન્જીનિયર, બેંક એન્ડ ડેવલપર, ડેવલપમેન્ટ ઓપરેશન એન્જીનિયર, ફ્રન્ટ એન્ડ ડેવલપર, ફૂલસ્ટેક ડેવલપર, ક્લાઉડ સિસ્ટમ્સ એડમિનિસ્ટ્રેટર, ક્લાઉડ સર્વિસ ડેવલપર, ક્લાઉડ આર્કિટેક્ટ, ક્લાઉડ કન્સલ્ટન્ટ, ક્લાઉડ પ્રોડક્ટ મેનેજર, ક્લાઉડ સિક્યોરિટી સ્પેશ્યાલિસ્ટના રૂપમાં કાર્ય કરી શકે છે. ટી.સી.એસ., ઈન્ફોસિસ, એચ.સી.એલ અને ટેક મહિન્દ્રા જેવી કંપનીઓ ક્લાઉડ કોમ્પ્યુટિંગના પ્રોફેશનલ્સને મોટા પ્રમાણમાં નિયુક્ત કરે છે.

**ડિઝિટાઈઝેશને વધારી ક્લાઉડ પ્રોફેશનલ્સની માગ :**

જાણકારો અનુસાર બેંકિંગ, ઈન્સોયોરેન્સ, રિટેલ તથા ઈ-કોમર્સ ઈન્ડસ્ટ્રીમાં ડિજિટલ સર્વિસના વધતા વર્તુળે ક્લાઉડ કોમ્પ્યુટિંગ ટેક્નોલોજીની ઉપયોગીતાને પુરવાર કરી દીધી છે. આજે ક્લાઉડ સ્ટ્રેટેજી વિના કોઈ પણ બિઝનેસની રણનીતિ તૈયાર નથી થઈ રહી. વિભિન્ન ક્ષેત્રની કંપનીઓ વર્કલોડને મેનેજ કરવા માટે 'ક્લાઉડ ફર્સ્ટ પૉલિસી' અપનાવી રહી છે. ત્યાં જ રિમોટ વર્કિંગના ટ્રેન્ડના લીધે એક્સપર્ટ ક્લાઉડ પ્રોફેશનલ્સની આજકાલ ખૂબ જ માગ જોવામાં આવી રહી છે. આવામાં જે સ્ટૂડન્ટ્સ આ સેકટરમાં કૅરિયર બનાવવા ચાહે છે, તેઓ કેટલીક બેસિક ટેક્નિકલ સ્કિલ્સ તથા પ્રોગ્રામિંગ લેંગ્વેજ (પાઈથન, પાવરશેલ, શેલ સ્ક્રિપ્ટિંગ, ગો વિ.)ની જાણકારી સાથે આગળ વધી શકે છે. આના માટે તેઓ એ.ડબ્લ્યુ.એસ., માઈક્રોસોફ્ટ એજ્યૂર, ગૂગલ ક્લાઉડ પ્લેટફોર્મ, ઓરેકલ, એમેઝોન વૅબ સર્વિસિઝ જેવા ક્લાઉડ કોમ્પ્યુટિંગ પ્લેટફોર્મ્સની મદદ લઈ શકે છે. હાલમાં કંપનીઓ ક્લાઉડ માઈગ્રેશન મશીન લર્નિંગ, એ.આઈ.માં કુશળ વ્યવસાયિકોને હાયરિંગમાં પ્રાથમિકતા આપી રહી છે. આમ તો સૌથી સારૂં આ રહેશે કે સ્ટૂડન્ટ્સ કોમ્પ્યૂટર સાયંસ અથવા આઈ.ટી.માં ડિગ્રી લીધા પછી ક્લાઉડ કોમ્પ્યુટિંગમાં અતિરિક્ત વિશેષતા હાસલ કરી આ તરફ પોતાના કદમ વધારે. જેટલો અનુભવ હશે, એટલા જ આગળ વધી શકશો. ●●●

પ્રકાશ સ્તંભ

મૌલાના વહીદુદ્દીન ખાન

# સત્યનો કોઈ વિકલ્પ નથી



એક બિંદુથી બીજા બિંદુ સુધી સીધી રેખા માત્ર એક જ હોય છે આ જ રીતે વ્યક્તિને ઈશ્વર સુધી પહોંચાડનાર સીધો માર્ગ પણ કોઈ એક જ હોઈ શકે છે આ જ માર્ગનું નામ સત્ય છે. હવે પ્રશ્ન આ ઉદ્ભવે છે કે સત્ય શું છે તથા એ સત્યની શોધ કેવી રીતે કરવામાં આવે.

આપણું સૌભાગ્ય છે કે સત્ય જે રીતે એક છે એવી જ રીતે એને પામવાનું મેદાન પણ માત્ર એક જ છે.અહીં ઘણા બધા વિકલ્પ નથી, જેમની વચ્ચે પસંદગીનો પ્રશ્ન ઉદ્ભવે, અહીં તો માત્ર એક જ છે, જેનો સ્વીકાર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જો કોઈ વયક્તિ સત્યની શોધમાં એકાગ્ર ચિત્ત હોય તો એ જોશે કે ઈશ્વરે તેને પસંદગીની દ્વિધામાં નથી નાખ્યો, બલ્કે ઈશ્વરે આપણને એક એવા સંસારમાં રાખ્યા છે, જ્યાં પસંદગી સત્ય અને અસત્યની વચ્ચે છે.

દર્શનશાસ્ત્ર સત્યની શોધમાં ઓછામાં ઓછા ૫૦૦૦ (પાંચ હજાર) વર્ષોથી પ્રયત્નશીલ છે. પરંતુ તેની લાંબી શોધે તેને માત્ર આ સ્થાન સુધી પહોંચાડ્યો છે કે એ પોતે સ્વીકાર કરી રહ્યો છે કે એ અંતિમ સત્ય સુધી પહોંચવામાં આયોગ્ય તથા અક્ષમ પુરવાર થયો છે, દર્શનશાસ્ત્રની વિધિ આ છે કે એ બુદ્ધિ તથા વિવેકના માધ્યમથી સત્ય સુધી પહોંચવાનો પ્રયાસ કરે છે, પરંતુ વિવેક પોતાના જ્ઞાનની સીમા સુધી ચિંતન કરે છે અને સત્યનો મામલો એક એવો મામલો છે કે જેના વિષે કોઈ વાસ્તવિક વિચાર પ્રસ્તુત કરવા માટે સમગ્ર સૃષ્ટિનું જ્ઞાન આવશ્યક છે. કોઈ પણ દાર્શનિકને આજ સુધી સૃષ્ટિનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત નથી થયું. આથી જ એ સત્યના સંબંધમાં કોઈ અંતિમ વિચાર પ્રસ્તુત નથી કરી શકતો.

વિજ્ઞાને આ સંબંધમાં પોતાને આ ક્ષેત્રથી અલગ કરી રાખ્યો છે. વિજ્ઞાનની શોધ એ વિષય સુધી સીમિત છે જ્યાં પુનરાવર્તનના અનુભવ દ્વારા નિષ્કર્ષ સુધી પહોંચવું શકય હોય. વિજ્ઞાન પુષ્પના રસાયણિક તત્ત્વને ચિંતનનો વિષય બનાવે છે. પરંતુ એ પુષ્પની સુગંધને પોતાની ચર્ચાથી નિષ્કાસિત કરી દે છે, કેમકે ફૂલ-પુષ્પના રસાયણિક તત્ત્વ તોલી કે માપી શકાય છે, પરંતુ પુષ્પની સુગંધને તોલવા અને માપવાનું કોઈ માપક-યંત્ર (માપ) વિજ્ઞાન પાસે ઉપલબ્ધ નથી. આ રીતે વિજ્ઞાને પોતાના ચિંતન વર્તુળને પોતે જ સીમિત કરી લીધું છે. આથી વિજ્ઞાને પહેલાંથી જ સ્વીકારી લીધું છે કે તે આ સાંસારિક તથ્યના માત્ર આંશિક પાસાથી જ ચર્ચા કરે છે. આ પૂર્ણ તથા અંતિમ સત્યના સંબંધમાં કોઈ અકાટય વિચાર પ્રસ્તુત કરવાની સ્થિતિમાં નથી.

આધ્યાત્મિક વ્યક્તિઓનો આ દાવો છે અથવા તેમના અનુયાયીઓ આ વિશ્વાસ ધરાવે છે કે તેઓ સત્યથી પૂરી રીતે વાકેફ છે અને સત્યનું અંતિમ જ્ઞાન પ્રસ્તુત કરી શકે છે પરંતુ આ વિશ્વાસનો કોઈ આધાર નથી. આધ્યાત્મિક વ્યક્તિ પોતાના દાવા મુજબ જે સાધન દ્વારા સત્યથી વાકેફ હોય છે, એ આધ્યાત્મિક અભ્યાસ છે, પરંતુ નામ માત્રનો આધ્યાત્મિક અભ્યાસ વાસ્તવમાં શારીરિક અભ્યાસ છે અને શારીરિક

અભ્યાસ દ્વારા આધ્યાત્મિક શોધ પોતે એક નિરર્થક કાર્ય છે. બીજું આ કે કોઈ પણ આધ્યાત્મિક વ્યક્તિ પોતાના વ્યક્તિત્વમાં આ સીમાઓથી પર નથી જે સીમાઓના શિકાર તેના જેવી અન્ય બધી જ વ્યક્તિઓ છે. વ્યક્તિ પોતાની જે સીમાઓના લીધે સત્યથી વાકેફ નથી થઈ શકતી, એ સીમાઓ સ્વયં આધ્યાત્મિક લોકોના માર્ગમાં પણ અવરોધરૂપ છે. કોઈ પણ પ્રકારનો અભ્યાસ વ્યક્તિને તેની પ્રાકૃતિક સીમાઓથી મુક્ત નથી કરી શકતો. આથી અભ્યાસ તેને પૂર્ણ તથા અંતિમ સત્ય સુધી નથી પહોંચાડી શકતો. આના પછી એક શ્રેત્ર માત્ર ઈશદૂત (પયગમ્બર)નું શેષ બચે છે.

ઈશદૂત એ પૂર્ણ વ્યક્તિ હોય છે, જે આ કહે છે કે ઈશ્વરે તેને પસંદ કર્યો (ચૂંટ્યો) છે, અને તેના પર સત્યનું જ્ઞાન ઉતાર્યું છે, જેથી એ સત્યને સમગ્ર માનવ-જાતિ સુધી પહોંચાડી દે. પોતાની પ્રકૃતિની સીમા સુધી માત્ર આ જ એક દાવો વિશ્વસનીય છે, કેમકે સત્યનું વાસ્તવિક જ્ઞાન માત્ર ઈશ્વરને જ હોઈ શકે છે, જે અનાદિ અને અનંત છે અને સમગ્ર વાસ્તવિકતાઓથી પૂર્ણ રીતે વાકેફ છે.

ઈશ્વરનું ઈશ્વર હોવું આ પ્રમાણિત કરવા માટે પૂરતું છે કે એ સત્યનું પૂરૂં જ્ઞાન ધરાવે છે. આથી જે વ્યક્તિ આ કહે છે કે તેને પ્રત્યક્ષ રૂપથી ઈશ્વર તરફથી સત્યનું જ્ઞાન પ્રાપ્ત થયું છે. તેનો દાવો વાસ્તવમાં આ યોગ્ય છે કે આ સંબંધમાં તેને માન્યતા આપવામાં આવે. અહીં એક પ્રશ્ન બીજો ઉદ્ભવે છે કે આ સંસારમાં અનેક ઈશદૂતોનું આગમન થયું છે તથા તેમના ધાર્મિક ગ્રંથોની સંખ્યા પણ અનેક છે. પછી કયા ઈશદૂતોનો સ્વીકાર કરવામાં આવે.

જો વ્યક્તિ સત્યની શોધમાં ગંભીર થઈ જાય તો તેને આ પ્રશ્નનો ઉત્તર પ્રાપ્ત કરી દેવામાં કોઈ અડચણ નહીં થાય. નિઃસંદેહ ભૂતકાળમાં અનેક ઈશદૂતો મોકલવામાં આવ્યા, પરંતુ માનવ પાસે અતીતની કોઈ પણ ઘટનાને માનવા માટે નક્કર માપદંડ આ છે કે તેનું ઐતિહાસિક પ્રમાણ ઉપલબ્ધ હોય.

ઈશદૂત હઝરત મુહમ્મદ સ.અ.વ. સંબંધે દરેક વાતનું સંપૂર્ણ ઐતિહાસિક પ્રમાણ ઉપલબ્ધ છે. વર્તમાન યુગની કોઈ પણ વ્યક્તિ વિશે આપણે જેટલું જાણીએ છીએ તેનાથી પણ ઘણું વધારે આપણે મુહમ્મદ સ.અ.વ.ના વિશે જાણીએ છીએ. આપ સ.અ.વ.નો સંપૂર્ણ જીવન પરિચય ઈતિહાસના પૃષ્ઠોમાં અંકિત છે અને એ પવિત્ર ગ્રંથ પણ કોઈ પણ સૂક્ષ્મ પરિવર્તન કે ફેરફાર વિના મૂળ રૂપમાં મૌજૂદ છે, જેને આપ સ.અ.વ.એ એમ કહીને લોકોના હવાલે કર્યો હતો કે આ મારી પાસે ઈશ્વર તરફથી આવ્યો છે.

વાસ્તવિકતા આ છે કે વિશુદ્ધ જ્ઞાન તથા બૌદ્ધિક દૃષ્ટિએ જોવામાં આવે તો "સત્ય શું છે"ના પ્રશ્નનો ઉત્તર માત્ર વૈચારિક સ્તરથી એક છે, એટલું જ નહીં બલ્કે વ્યવહારિક સ્તરે પણ મેદાનમાં માત્ર એક જ ઉત્તર મૌજૂદ છે. આપણે અનેક ઉત્તારોમાંથી માત્ર એક ઉત્તરને પસંદ કરવાનો નથી, બલ્કે એક જ અંતિમ ઉત્તરને સ્વીકારવાનો છે. આ સત્ય ઈશ્વરીય-વાણી છે અને ઈશ્વરીય-વાણી હંમેશાં એક જ રહે છે. જે રીતે સંસારની બીજી વસ્તુઓ માટે ઈશ્વરીય આદેશ હંમેશાંથી એક જ છે, એવી જ રીતે માનવ-જાતિ માટે પણ ઈશ્વરીય આદેશ એક જ છે અને હંમેશાં એક જ રહેશે.

ધરતી અને આકાશના નિયમો અબજો વર્ષો વીત્યા પછી પણ સ્હેજ પણ પરિવર્તિત નથી થતા. વૃક્ષ તથા જળના સિદ્ધાંત જે એક ભૌગોલિક ક્ષેત્રમાં થાય છે, એ જ બીજા ક્ષેત્રમાં પણ હોય છે. આ જ સ્થિતિ માનવી વિશે ઈશ્વરના આદેશની પણ છે. એ જ આજે પણ છે જે હજારો વર્ષ પહેલાં પણ હતા. તે એક દેશના નિવાસીઓ માટે પણ એ જ છે જે બીજા દેશના નિવાસીઓ માટે.

જીવનના કેટલાક પાસા તો પરિવર્તનશીલ છે. ઉદાહરણાર્થ સવારીઓ, નિવાસસ્થાન વિ., પરંતુ સત્યનો સંબંધ આ પ્રકારની વસ્તુઓથી નથી, સત્યનો સંબંધ એ વ્યક્તિથી છે, જે હંમેશ એક સ્થિતિમાં રહે છે. સત્યનો સંબંધ આનાથી છે કે વ્યક્તિ કોને પોતાનો જન્મદાતા-સર્જનહાર તથા સ્વામી સ્વીકાર કરે, તે કોની સામે ઝૂકે અને કોની ઉપાસના કરે, તે કોનાથી ડરે-ભયભીત થાય, અને કોનાથી પ્રેમ કરે.એ પોતાની સફળતા અને નિષ્ફળતાને કયા માપદંડથી પારખે. તેના જીવનનો ઉદ્દેશ્ય અને ભાવનાઓનો કેન્દ્રબિંદુ શું હોય? લોકોની વચ્ચે રહેતાં એ કયા નિયમો હેઠળ તેનાથી સંબંધ રાખે?

સત્યનો સંબંધ જીવનના આ જ કાર્યોથી છે અને આ ક્રિયા-કલાપ એ છે, જેમનો કોઈ સંબંધ યુગ તથા ભૌગોલિક સીમા સાથે નથી. એ દરેક સ્થાન અને દરેક યુગમાં સમાનરૂપથી દરેક વ્યક્તિથી અપેક્ષિત હોય છે. ઈશ્વર એક અને અનંત છે. બરાબર આવી જ રીતે સત્ય પણ એક છે અને શાશ્વત પણ. •••

# સ્ટૂડન્ટ્સ ઇસ્લામિક ઓર્ગેનાઇઝેશન ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત અલ-નૂર લિટ્રેચર ફેસ્ટિવલ

નવી દિલ્હીઃ ભારતની જાણીતી વિદ્યાર્થી સંસ્થા સ્ટૂડન્ટ્સ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયા (SIO) દ્વારા જમાઅતે ઈસ્લામી હિંદના કેમ્પસમાં ત્રણ દિવસીય લિટ્રેચર ફેસ્ટિવલ ૨૦, ૨૧ અને ૨૨ ડિસેમ્બરના રોજ "અલ-નૂર"ના નામથી યોજવામાં આવ્યો હતો.

આ ત્રણ દિવસીય ફેસ્ટિવલ વિવિધ પ્રવૃત્તિઓથી ભરપૂર હતો. ફેસ્ટિવલમાં ચાર વિવિધ સ્ટેજ, અનુક્રમે મૌલાના મૌદૂદી, માઈલ ખૈરાબાદી, આમિર ઉસ્માની અને મરિયમ જમીલાના નામ પર બનાવવામાં આવ્યા હતા. આ સ્ટેજ પર ત્રણ દિવસમાં ચાલીસ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અલ્લામા ઈકબાલ પ્રદર્શન હોલ પણ સામાન્ય લોકો માટે ખોલવામાં આવ્યો હતો, જેમાં ફલસ્તીન, ભારતીય મુસ્લિમો, મુસ્લિમ વિચારકો અને વિદ્વાનોને લગતા વિવિધ વિષયોને પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. પ્રોગ્રામમાં ખાવા-પીવા અને અન્ય માલ-સામાન માટે સ્ટોલ પણ લગાવવામાં આવ્યા હતા. દેશભરમાંથી ૧૨૦ થી વધુ મહેમાનો અને ૨૦૦૦ થી વધુ પ્રતિનિધિઓએ આ ફેસ્ટિવલમાં ભાગ લીધો હતો.

આ કોન્ફરન્સનો હેતુ કલા, સાહિત્ય અને ફિલસૂફી જેવા વિષયો પર ચર્ચા અને વિચારોનું આદાન-પ્રદાન કરવા અને તેને વધુ પ્રોત્સાહન આપવાનો હતો. કોન્ફરન્સના વિશેષ સંબોધનકર્તા દેશભરમાંથી આવેલા સભ્યો હતા, પરંતુ સામાન્ય રીતે ઈસ્લામી વિચારધારાના આધારે બનતી અને વિકસતી કલા, સંસ્કૃતિ અને ફિલસૂફી વિશે સામાન્ય વિદ્યાર્થીઓ અને યુવાનોને માહિતગાર કરવાનો હતો.

અલ-નૂર ફેસ્ટિવલ એ એક એવો ઉત્સવ હતો જેણે વિવિધ ક્ષેત્રોના



લેખકો, વિચારકો, વિદ્યાર્થીઓ અને કલાપ્રેમીઓને એક જ મંચ પર એકત્રિત કર્યા હતા. આ ઉત્સવની વિશેષતા એ હતી કે તેનું મુખ્ય ફોકસ ઇસ્લામિક મૂલ્યો પર આધારિત બૌદ્ધિક અને સાંસ્કૃતિક મુદ્દાઓ પર ચર્ચા કરવાનો હતો. વધુમાં, આ ઉત્સવ કલા, સાહિત્ય અને ફિલસૂફીના પ્રચલિત પશ્ચિમી વલણો અને દલીલો પર ચર્ચા અને વિમર્શ કરવાનો હતો તથા તેમના ગુણદોષની ઓળખ કરવાનો હતો.

આ સંદર્ભમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. સલીમ ખાન દ્વારા ભાષા, સાહિત્ય અને ઇસ્લામના ભવિષ્યના માર્ગ પર વાતચીત કરવામાં આવી હતી અને ઇસ્લામના પ્રચારમાં કલા, સાહિત્ય અને ભાષાના મહત્ત્વતા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સમાજ સુધારક સૈયદ અબુલ આ'લા મૌદૂદી અને કલા, સાહિત્ય, સંસ્કૃતિ અને સભ્યતા સંબંધિત તેમના વિચારો પર એક મહત્ત્વપૂર્ણ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે જમાઅતે ઇસ્લામી હિંદના નાયબ અમીર એસ. અમીનુલ હસન દ્વારા સર્જનાત્મકતા, સંસ્કૃતિ અને સભ્યતા સંબંધિત એક મહત્ત્વપૂર્ણ પ્રવચન આપવામાં આવ્યું હતું. સુહૈલ કે.કે. દ્વારા વિવિધ પ્રકારની સંસ્કૃતિઓ અને તેમાં જોવા મળતા ગીતો અને સાહિત્યિક સ્વરૂપો પર વાત કરવામાં આવી હતી. એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ ડૉ. મુહમ્મદ રિઝવાન અને ખુશહાલ અહમદ વચ્ચે 'ઇસ્લામ, લિંગ અને સમલૈંગિક વલણો અને ચર્ચાઓ' પર યોજાયો હતો, જેમાં આ વલણોનું મનોવૈજ્ઞાનિક અને સામાજિક આધાર પર મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને આ સંદર્ભમાં ઇસ્લામિક દૃષ્ટિબિંદુ પર ચર્ચા કરવામાં આવી હતી. ડૉ. ઇરફાનુલ્લાહ ફારૂકી અને ડૉ. દાનિશ અકબર વચ્ચે ભાષા, સાહિત્ય, કલા અને અનુવાદની રાજનીતિ પર ચર્ચા કરવામાં આવી હતી. મુજાહિદુ ઇસ્લામ અને સદાકત ફકીહ મલ્લાહ વચ્ચે વિજ્ઞાન, ટેક્નોલોજી અને સમાજ વચ્ચેના સંબંધ પર એક મહત્ત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. વેપાર અને નાણાકીય બાબતો સંબંધિત એક મહત્વપૂર્ણ પેનલ ચર્ચા અનીસ અહમદ, અબ્દુલખાલિક અને હમઝા શેખ વચ્ચે યોજાઈ હતી, જેમાં મહેમાનોએ તેમના વ્યાપારિક અનુભવો શેર કર્યા હતા. ડૉ. મુહિયુદ્દીન ગાઝી દ્વારા કુર્આન એક સાહિત્યિક માસ્ટરપીસ તરીકે અને કલા અને સુંદરતાના ઇસ્લામિક વિચારો પર એક મહત્ત્વપૂર્ણ ભાષણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, અબ્દુલ્લાહ અઝ્ઝામ, ખુર્રમ મુરાદ, ડૉ. ખાલિદ મુબશ્શિર, સફીર સિદ્દીકી અને ઝકી અહમદ દ્વારા સાહિત્ય અને કલા અને તેમના રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પ્રભાવો પર ચર્ચા કરવામાં આવી હતી. આ સંદર્ભમાં વિવિધ સાહિત્યિક વ્યક્તિઓ અને હસ્તીઓ પર ચર્ચા કરવામાં આવી હતી. હિંદી સાહિત્યમાં મુસ્લિમ મુદ્દાઓ સંબંધિત એક મહત્ત્વપૂર્ણ ચર્ચા અદનાન કફીલ દરવેશ અને તલ્હા મનાન વચ્ચે થઈ હતી. કોન્ફરન્સના અંતિમ દિવસે પ્રખ્યાત લેખક ખાલિદ જાવેદ દ્વારા અસ્તિત્વવાદ અને કથા લેખનની કળા પર એક વિદ્વતાપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. મનુરંજન બિપારીએ સાહિત્યની આઝાદીની અને સ્વતંત્રતા સંબંધિત ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો હતો. ડૉ. ઝુલકરનૈન હૈદર સુબહાનીએ કલા, સાહિત્ય અને ઇસ્લામિક વિચારોના સંદર્ભમાં એક મહાન સુધારક નેતા નજાતુલ્લાહ સિદ્દીકીના વિચારો પર ચર્ચા કરી હતી.

કોનફરન્સનો મુખ્ય હેતુ 'મુસ્લિમ મુદ્દા'ને વિસ્તૃત રીતે ચર્ચવવાનો હતો. આ સંદર્ભમાં, મલિક મુઅતસિમ ખાન સાહેબ અને અફ્સર ઉલ્લાહ સાહેબ સાથે "ન્યાય અને રાજકીય એજન્સીની મુસ્લિમ શોધ" પર એક પેનલ ચર્ચા યોજાઈ હતી. ડૉ. બ્રહ્મા પ્રકાશ સિંહે હિંદુત્વ, હિંસા અને નફરતના વલણો પર વિસ્તૃત ચર્ચા કરી હતી. સીએએ આંદોલનને લગતી એક દસ્તાવેજી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી જેમાં શ્રોતાઓએ મુસ્લિમ પ્રતિકારના સંદર્ભમાં ચર્ચામાં ભાગ લીધો હતો. ડૉ. નદીરા ખાતૂન અને નહાલ કેડિવર વચ્ચે મુસ્લિમો અને ફિલ્મોના પરસ્પર સંબંધો અને તેના સંદર્ભમાં બદલાતા વાર્તાલાપનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. પ્રોફેસર જે. એલોસિસે ન્યાય, ઓળખ અને રાષ્ટ્રીયતાની રાજનીતિના સંદર્ભમાં રાજ્યના હાશિયા પર રહેતા નાગરિકો સાથેના સંબંધોનું મૂલ્યાંકન કર્યું હતું. જિયાદ મસરૂર ખાન અને આયશા સૈયદ વચ્ચે રાજનીતિ, હિંસા અને આત્મકથા લખવાની કળા પર ચર્ચા થઈ હતી. ડૉ. પી.સી. સૈયદવાલા અને ડૉ. સાદિક પી.કે. વચ્ચે જાતિ, ઓળખ અને મુસ્લિમ હાશિયાકરણના સંદર્ભમાં એક મહત્ત્વપૂર્ણ સત્ર યોજાયું હતું. ઇરફાનુલ્લાહ ફારૂકી સાહેબનું સત્ર વિદ્યાર્થીઓનું વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું. તેમણે પ્રખ્યાત માનવશાસ્ત્રી તલલ અસદના સંદર્ભમાં ધર્મનિરપેક્ષતા, ધર્મ અને ઇસ્લામ પર ચર્ચા કરી હતી. સીએએ આંદોલન અને ભારતમાં રાજકીય અને સામાજિક પ્રતિકારના સંદર્ભમાં શરજીલ ઉસ્માની, વર્દા બેગ, ફવ્વાઝ શાહીન અને આસિફ ઇકબાલ તન્હા સાથે એક




મહત્ત્વપૂર્ણ પેનલ ચર્ચા યોજાઈ હતી. મીડિયા અને મીડિયા દ્વારા મુસ્લિમોની એક ખાસ નકારાત્મક છબી રજૂ કરવાના સંદર્ભમાં પ્રખ્યાત પત્રકાર આદિત્ય મેનન, અલી શાન જાફરી અને સલમાન અહમદ સાહેબ વચ્ચે એક પેનલ ચર્ચા થઈ હતી. ડૉ. હફીઝ અહમદ, ડૉ. મુનીર અને અર્મ કઝિયનએ માપિલા અને મિયાં કવિતાના સંદર્ભમાં પ્રતિકારી કવિતાના ભારતીય મુસ્લિમ ઈતિહાસ પર પ્રકાશ પાડ્યો હતો. જેલની વાર્તા અને મુશ્કેલીઓ વિશે વાત કરવા માટે રાજકીય કેદી બનેલા જાવેદ મુહમ્મદ, સિદ્દીક કપ્પન અને આસિફ ઈકબાલ તન્હાએ એક પેનલ ચર્ચામાં ભાગ લીધો હતો. તાજેતરમાં પ્રકાશિત થયેલ પુસ્તક, શિકવા-એ-હિંદના લેખક શેખ મુજીબુર રહેમાન સાથે જામિયાના સંશોધન વિદ્યાર્થી અલ્ફાઝ આઝમીએ ભારતના મુસ્લિમોના રાજકીય ભવિષ્ય પર મહત્ત્વપૂર્ણ ચર્ચા કરી હતી.

કોન્ફરન્સનો એક બીજો મોટો ઉદ્દેશ્ય એસઆઈઓના ૪૦ વર્ષના ઈતિહાસ, વિદ્યાર્થીઓ અને યુવાનોમાં વૈજ્ઞાનિક અને સાહિત્યિક ચેતનાના વિકાસ માટે વિદ્યાર્થી સંગઠનની સેવાઓને પ્રકાશિત કરવાનો હતો અને આ માર્ગમાં આવતી મુશ્કેલીઓ અને પડકારો અને આ સંદર્ભમાં સંગઠનની યાત્રાને પણ દર્શાવવાનો હતો. વધુમાં, આ ઉત્સવ આ વાતનો પણ પુરાવો હતો કે સંગઠને સમાજમાં મોટાપાયે પરિવર્તન અને નવીનીકરણનો બોજ ઉઠાવ્યો હતો અને કેવી રીતે એસ.આઈ.ઓ.ની વૈજ્ઞાનિક, બૌદ્ધિક, શૈક્ષણિક અને સાહિત્યિક સેવાઓ ભારતમાં પરિવર્તનના સપનાને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

આ ત્રિદિવસીય ઉત્સવમાં પેનલ ચર્ચા, કાર્યશાળાઓ, વ્યાખ્યાનો અને લેખકો સાથેની વાતચીત જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. સાહિત્યિક સત્રો ઉપરાંત, આ કાર્યક્રમ એક પ્રયોગમૂલક ઘટના પણ સાબિત થયો. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કાવ્ય સંધ્યા, સંગીત અને મુસ્લિમ સંસ્કૃતિની અન્ય કલાત્મક અને સાંસ્કૃતિક રીતોનો સમાવેશ થતો હતો, જ્યારે નવીન પ્રકાશિત પુસ્તકો, પ્રદર્શનો અને ખાદ્ય સ્ટોલ્સ ધરાવતા સ્ટોલ્સનો હેતુ ઈસ્લામિક સંસ્કૃતિના સામૂહિક સ્વરૂપની એક સારી ઝલક રજૂ કરવાનો હતો.

કાર્યક્રમનું સમાપન ૨૨ ડિસેમ્બર, રવિવારે થયું હતો. કાર્યક્રમના સમાપન સત્રમાં, અમીર જમાઅતે ઈસ્લામી હિંદ, સૈયદ સઆદતુલ્લાહ હુસૈનીએ 'કલા, સાહિત્ય અને ઈસ્લામિક સંસ્કૃતિ' પર એક મહત્ત્વપૂર્ણ વાતચીત કરી હતી. હૈદર સૈફના ગીતોએ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવ્યા હતા. અંતે, સંગઠનના પ્રમુખ, રમીસ ઈ.કે.ના સમાપન ભાષણ સાથે આ ત્રિદિવસીય ઉત્સવનો અંત આવ્યો. •••

સરફરાઝ આલમ



# અંતિમ માર્ગદર્શક

આજથી ૧૪૫૦ વર્ષ પહેલાં આરબ ધરતી પર એક મહાન વ્યક્તિનો જન્મ થયો, જેણે પોતાના કૃત્યોથી સંપૂર્ણ વિશ્વને સ્તબ્ધ કરી દીધો અને જેને આગળ જતાં ઈશ્વરે પોતાના અંતિમ ઈશદૂત બનાવ્યા. હઝરત મુહમ્મદ સ.અ.વ. એક મહાન વ્યક્તિ જ નહીં, બલ્કે સમગ્ર વિશ્વના ઉદ્ધારક હતા. ઈતિહાસ સાક્ષી છે કે તેમનામાં એ તમામ ગુણો મૌજૂદ હતા જે એક વિશ્વ-નાયકની અંદર હોવા જોઈએ. સામાન્ય રીતે લોકો તેમને ઈસ્લામ ધર્મના પ્રવર્તક માને છે, પરંતુ સત્ય આ છે કે તેઓ ઈશ્વરના અંતિમ દૂત હતા જેમને ઈશ્વરે સમગ્ર માનવ જાતિના કલ્યાણ માટે ધરતી પર અવતરિત કર્યા હતા. ઈસ્લામ ધર્મની માન્યતા છે કે માનવ-જાતિના કલ્યાણ માટે ભવિષ્યમાં ઈશ્વરનો કોઈ દૂત નહીં આવે, આથી હવે હઝરત મુહમ્મદ સ.અ.વ.ના શિક્ષણનું પાલન કરવું જોઈએ.

ઈતિહાસકારો અને વિદ્વાનોએ અત્યાર સુધી જન્મેલા અનેક મહાપુરુષોના જીવનનું અધ્યયન કર્યુ અને જોયું કે હઝરત મુહમ્મદ સ.અ.વ.માં એ તમામ ગુણ મૌજૂદ હતા જે તેમને શ્રેષ્ઠતમ બનાવે છે. વિશ્વ પ્રસિદ્ધ મહાન વિદ્વાન અને વિચારક Michael H. Hartએ પોતાના મશહૂર પુસ્તક "The 100" A Ranking of the Most Influential Persons in Historyમાં વિશ્વની સો વ્યક્તિઓના જીવનનું ઊંડું અધ્યયન કર્યું અને જોયું કે હઝરત મુહમ્મદ સ.અ.વ.ના વ્યક્તિત્વમાં એ તમામ સદ્‌ગુણ હતા જે તેમને પ્રથમ સ્થાન અપાવવા માટે મજબૂર કરે છે. લેખકે જણાવ્યું છે કે મારી દૃષ્ટિએ જ્યાં સો વ્યક્તિઓ મહાન હતી ત્યાં જ હઝરત મુહમ્મદ સ.અ.વ.નું વ્યક્તિત્વ સૌથી વધુ પ્રભુત્વશાળી હતું. ૧૦૦ વ્યક્તિઓની યાદીમાં મુહમ્મદ સાહેબને પ્રથમ સ્થાન પર રાખવાનું સૌથી મોટું કારણ આ છે કે તેમણે વિશ્વ ઈતિહાસને સૌથી વધુ પ્રભાવિત કર્યું છે. લેખક વારંવાર આ વાત પર ભાર મૂકે છે કે મેં આ પુસ્તકમાં પ્રસ્તુત કરેલ તમામ હસ્તીઓનું વર્ણન ફક્ત તેમની ઉપલબ્ધીઓના આધાર પર કરવામાં નથી આવ્યું, બલ્કે તેમના વિશ્વવ્યાપી પ્રભાવને માપદંડ બનાવ્યો છે.

હઝરત મુહમ્મદ સ.અ.વ.નું વર્ણન કરતાં આરંભમાં જ લેખક કહે છે કે સમગ્ર વિશ્વ ઇતિહાસમાં તેઓ એકલા એવી વ્યક્તિ છે જેઓ સાંસારિક તથા ધાર્મિક ક્ષેત્રોમાં પૂર્ણરૂપથી સફળ થયા. તેઓ એક અત્યંત સફળ રાજનીતિજ્ઞ પણ સિદ્ધ થયા. આજે ૧૪૦૦ વર્ષો પછી પણ સમગ્ર વિશ્વમાં મનુષ્યો પર તેમના વ્યક્તિત્વ તથા શિક્ષણનો ઊંડો પ્રભાવ દેખા દે છે. આ પુસ્તકની તમામ વ્યક્તિઓનો જન્મ એક સભ્ય સમાજમાં થયો અને તેઓ ઉચ્ચ સંસ્કૃતિમાં ઉછર્યા, જ્યારે કે મુહમ્મદ સ.અ.વ.નો જન્મ આરબના શહેર મક્કામાં ઈ.સ. ૫૭૦માં થયો. જે એ સમયે વિશ્વનો સૌથી પછાત સમાજ હતો. મક્કા એ સમયે શિક્ષણ ક્ષેત્રે અત્યંત પછાત શહેર મનાતો હતો.

વિશ્વનેતા સિદ્ધ થયા પછી મુખ્યરૂપે ચાર વિશેષતાઓ આવશ્યક છે જે ઐતિહાસિકરૂપે હઝરત મુહમ્મદ સ.અ.વ.માં જોવા મળે છે. પ્રથમ એ જાતિ, વંશ કે વર્ગથી પર સમગ્ર

મનુષ્યોને સમાન સમજતા હતા અને સૌના સમાન શુભચિંતક હતા. બીજી તેમણે જે સિદ્ધાંત રજૂ કર્યા એ માનવજીવનની તમામ સમસ્યાઓનું સમાધાન રજૂ કરે છે. ત્રીજી, તેમનું પથ-પ્રદર્શન કોઈ વિશેષ ક્ષેત્ર અથવા યુગ-કાળ માટે નહીં, બલ્કે દરેક કાળ અને દરેક સ્થિતિ માટે સમાનરૂપે અનુકરણીય છે. ચોથી, તેમણે માત્ર સિદ્ધાંત જ પ્રસ્તુત નથી કર્યા, બલ્કે તેમને જીવનમાં કાર્યાન્વિત કરીને પણ દેખાડી દીધા.

આરબના અસભ્ય સમાજમાં તેમના શત્રુ પણ સાક્ષી આપવા માટે મજબૂર હતા કે હઝરત મુહમ્મદ સ.અ.વ.એ ક્યારેય જૂઠ નથી બોલ્યું, કોઈનો અધિકાર નથી ઝૂંટયો, કોઈની સાથે દુર્વ્યવહાર નથી કર્યો, કોઈને અપશબ્દ નથી કહ્યો, જે લોકો સાથે તેમના સંબંધ હતા તેમની સત્યતા પર એટલો વિશ્વાસ રાખતા હતા કે આરબ સમાજમાં તેમને "અમીન" (સત્યવાદી તથા ધરોહર-રક્ષક)ના નામથી ઓળખવામાં આવતા હતા. તેમના શત્રુ પણ તેમની પાસે પોતાનો કીમતી સામાન મૂકાવડાવતા હતા. તેમણે જુગાર તથા શરાબને સ્પર્શ સુદ્ધાં નથી કર્યો. શર્મીલા એટલા કે હોશ સંભાળ્યા બાદ કોઈએ પણ તેમને નિર્વસ્ત્ર નથી જોયા. તેઓ સૌના દુઃખ-દર્દમાં કામ આવતા હતા. અનાથ બાળકોને ગલે લગાવતા હતા અને વિધવાઓની સહાયતા કરતા હતા. મુસાફરોની સેવા કરતા હતા એ વૃદ્ધોના બોજા ઉઠાવતા હતા.

૪૦ વર્ષની આયુ સુધી તેમણે પોતાની આસપાસના સમાજમાં અનૈતિકતા, દુષ્ચરિત્રતા, દુર્વ્યવહાર, દુરાચાર અને અવ્યવસ્થા વિ.ને જોયા અને ચિંતિત થઈને વસ્તીથી દૂર પહાડની ગુફામાં બેસીને વિચાર કરવા લાગ્યા. કેટલાય દિવસો સુધી વ્રત (રોઝા) રાખીને પોતાની આત્મા, હૃદય અને મસ્તિષ્કનો શુદ્ધ કરી આ સમસ્યાઓનું સમાધાન શોધવા લાગ્યા. તેઓ એવી શક્તિ પ્રાપ્ત કરવા ઈચ્છતા હતા કે જેનાથી બગડેલા સંસાર તોડી-ફોડીને ફરીથી સંવારી-શણગારી શકાય. સહસા/અચાનક તેમને પોતાના હૃદયમાં શક્તિના પ્રકાશનો અનુભવ થયો જેના નેતૃત્વમાં તેઓ સમગ્ર માનવ-જાતિનો જીવનપર્યંત ઉદ્ધાર કરતા રહ્યા.

ઈશ્વરે પવિત્ર કુર્આન આપ સ.અ.વ. ઉપર અવતરિત કર્યું, જે કોઈ પણ પ્રકારના ફેરફાર વિના ૧૪૫૦ વર્ષોથી પવિત્ર ગ્રંથના રૂપમાં સમગ્ર વિશ્વમાં મનુષ્ય જીવનનું માર્ગદર્શન કરી રહ્યો છે. પવિત્ર કુર્આન સમગ્ર વિશ્વ માટે એક સંપૂર્ણ માર્ગદર્શક છે. આ જીવનની આદર્શ રીતનું માર્ગદર્શક છે. ઈશ્વરના સાચા અને વાસ્તવિક શબ્દ હોવાના નાતે કુર્આનમાં ઘણાં બધા અમૂલ્ય પાઠ અને જાણકારી સામેલ છે. આ આપણા પર આધાર રાખે છે કે આપણે એ ઉપદેશોને કેવી રીતે લઈએ છીએ અને તેમનો પોતાના દૈનિક જીવનમાં કેવી રીતે ઉપયોગ કરીએ છીએ. કુર્આનમાં વર્ણવાયેલ શિક્ષણ અંતિમ છે. જ્યારે પણ તમે આને વાંચો છો, મનમાં કંઈ નવું ઊભરે છે. •••

## આશાનું દીપક

(૩૩માં પાનાનું ચાલુ)

ખૂબ બૂમાબૂમ થઈ રહી હતી. પરંતુ જ્યારે ચોકમાં પહોંચ્યા તો અહમદ અને તેના દોસ્તોને સમોસા, ભજીયા અને ચાની નાની દુકાન પર કામમાં વ્યસ્ત જોયા. બહાર ટેબલ ખુરશીઓ લગાવવામાં આવી હતી અને સામે બોર્ડ પર મોટા-મોટા અક્ષરોમાં "બી.એસ. અહેમદ ભજીયા સમોસા ચા કોર્નર" લખ્યું હતું. કિંમત પણ ઓછી રાખવામાં આવી હતી પરંતુ કેમ કે આ દિવસ વર્ષની શરૂઆતનો અને દુકાનના ઉદ્ઘાટનનો હતો એટલે આજના દિવસે બધું ફ્રી મળી રહ્યું હતું.

અહમદના હાથમાં ખરેખર ખૂબ સ્વાદ હતો. બધાએ ખૂબ પ્રશંસા કરી અને દુઆઓ આપી. અહમદ આજે ખૂબ ખુશ હતો અને પોતાના આવા દોસ્ત મળવા બદલ પોતાના રબનો શુક્રગુજાર હતો. દરેક તરફ નવા વર્ષની શુભકામનાઓના અવાજો ગુંજી રહી હતી અને અહમદ મસ્જિદ તરફ જઈ રહ્યો હતો પોતાના રબનો શુક્ર અદા કરવા જેણે તેને નિરાશાના અંધકારમાંથી બહાર કાઢીને આશાની રોશની સુધી પહોંચાડ્યો હતો. •••

Reg.No. A-7183
Google Reviews 4.8 ★★★★★
Top Rated Dental Clinic
Dr. Saba Baloch
B.D.S.
(Dental Surgeon)

# Dr. Saba Dental Clinic
## Multi Speciality Family Dental Care

:: Our Specialties ::
Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring | Cosmetic Gum Surgery | Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge | Prosthesis
Tooth Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration

:: Facilities ::
Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator | Wave one rotary system | Imported Dental Chair

**Timings : Morning 10:30am-2pm | Evening 4pm-8pm**
**Available on Emergency Trauma Cases +91 99983 60503**
Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55
Email: drsabadentalclinic@gmail.com | Website: www.sabadentalclinic.com

# આશાનો દીપક સતત પ્રગટાવતા રહો

નવું વર્ષ આવી રહ્યું હતું. ડિસેમ્બરની રાતો લાંબી અને દિવસો ટૂંકા થઈ ગયા હતા. વરસાદ ન થવાથી ખેતરો ખાલી હતા અને વાતાવરણ ઓછું ઠંડું હતું, છતાં ઠંડી ઘણી અનુભવાતી હતી. પહાડી વિસ્તારોમાં લોકો સાંજ પડતાં જ ઓરડામાં સગડી સળગાવવા લાગ્યા હતા.

અહમદ પણ એક સુંદર પહાડી વિસ્તારનો રહેવાસી હતો. તે બી.એસ.સી.ની પરિક્ષા સારા માર્કસથી પાસ કરી ચૂક્યો હતો. તેના પિતા હવે તેને વધુ ભણાવી શકતા ન હતા કારણ કે તેમના પર બીજા બાળકોના ભણતરનો બોજો પણ હતો અને ઘરનો ખર્ચ અલગ હતો. જો અહમદ આગળ ભણતો તો ઘરનો ખર્ચ અને બહેન-ભાઈઓનું ભણતર બંધ થઈ જાત. બધો ખર્ચ માત્ર તેના પર જ થવા લાગતો. એટલા માટે તેણે વધુ ભણવાનો ઈરાદો છોડી દીધો અને નોકરીની શોધ શરૂ કરી દીધી.

સવારમાં તે પગપાળા શહેર જતો અને સાંજે નિષ્ફળ પાછો ફરતો. દરેક જગ્યાએ લાંચ અને ભલામણનું ચલણ હતું. તેની ડોક્યુમેન્ટની ફાઈલ જેમાં તેની મહેનત અને માતા-પિતાનો પરસેવો સમાયેલો હતો, તેને જોઈને તેની આંખોમાં આંસૂ આવી જતા. તેના પિતા પશુપાલન અને ખેતી કરતા હતા.

અહમદ કોઈ ખાનગી ફર્મમાં જાય તો ત્યાં પણ ભલામણ માંગતા હતા પરંતુ અહમદનો કોઈ એવો સંબંધ ન હતો કે જે તેની મદદ કરે અને તેને નોકરી આપે. જે થોડા હતા પણ તેઓ ફક્ત સાંત્વના આપીને મોં ફેરવી લેતા કે ક્યાંક તેમની મદદથી તે કોઈ સારી જગ્યાએ નોકરીએ ન લાગી જાય અને તેમનાથી આગળ ન નીકળી જાય.

અહમદ નોકરી શોધતા શોધતા હિંમત હારી ગયો હતો. ખુશમિજાજ અહમદ હવે ખૂબ ચીડચીડો બની ગયો હતો.

નવા વર્ષની ઉજવણીમાં કૉલેજના શ્રેષ્ઠ વિદ્યાર્થી અને મહેફિલના પ્રાણ સમાન અહમદને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ અહમદ પોતાના વિચારોમાં ખોવાયેલો હતો. તે હિંમત હારી ચૂક્યો હતો. હવે દરેક રંગ તેને ફિક્કો લાગતો હતો. દરેક તરફ ઉજ્જડ અને ઉદાસી જ દેખાતી હતી. ઘરની પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હતી. મોંઘવારી આસમાનને સ્પર્શી રહી હતી અને હજુ સુધી વરસાદ ન થવાને કારણે પાકની ખેતીની કોઈ આશા નહોતી.

અહમદ આખી રાત ઊંઘી શકતો ન હતો. સવારમાં અઝાન થાય તે પહેલાં



જ મસ્જિદ જઈને તહજ્જુદની નમાઝ અદા કરતો અને બાકીની નમાઝ પણ નિયમિત પઢતો હતો. અલ્લાહ પાસે દુઆઓ માંગતો પરંતુ હલાલ રોજીની રાહ દેખાતી ન હતી.

એક સાંજે એમ જ વિચારોમાં ગરકાવ હતો કે તેના મિત્રો આવી ગયા. જ્યારે તેમણે અહમદ અને ઘરની હાલત જોઈ તો તેમને દુઃખ થયું પરંતુ તેઓ તેના માટે કંઈ કરી શકતા ન હતા.

માતા પડોશમાં ગઈ હતી એટલે અહમદે પોતે જ મિત્રો માટે ભજીયા અને ચા બનાવી. તેલ સરસવનું હતું જે તેમના પોતાના પાકમાંથી તૈયાર કર્યું હતું. માતા કરકસરવાળી હતી એટલે ઘરમાં લાવેલી વસ્તુ જલ્દી ખતમ થતી ન હતી. અહમદે બેસનમાં બટાકા અને ડુંગળી નાખીને સરસવના તેલમાં તળીને મિત્રો સામે ભજીયા મૂકી દીધા. મિત્રોએ જ્યારે ભજીયા ખાધા ત્યારે ખૂબ પ્રશંસા કરી.

''અરે અહમદ, તારા હાથમાં તો ખૂબ સ્વાદ છે!''

બીજો બોલ્યો,

''અરે તું તો બહુ સારા ભજીયા બનાવી શકે છે!''

ત્રીજાના મગજમાં એક નવો વિચાર આવ્યો.

''અહમદ, એક વાત કહું, જો ખરાબ ન લાગે તો.''

અહમદ તેની વાત સાંભળીને ચોંકી ગયો.

''હવે ખરાબ માનવાનું શું બાકી છે મારી જિંદગીમાં? તે નિરાશ થઈને પોતાના મિત્રને જોવા લાગ્યો.''

મિત્ર બોલ્યો,

''અરે તું એક વર્ષથી નોકરી શોધી રહ્યો છે, પણ તારી લાયકાત મુજબની નોકરીમાં તો લાંચ રૂશ્વત અને ભલામણવાળા જ લોકો ભરતી થઈ જાય છે. અને તું હજી પણ નોકરી જ શોધી રહ્યો છે. તું તારૂં પોતાનું કામ શા માટે શરૂ નથી કરતો?''

તેની વાત સાંભળીને બધા જ તેની તરફ જોવા લાગ્યા અને અહમદ તો જાણે બેચેન થઈ ગયો.

યાદ છે? આપણા કૉલેજની બહાર એક એમ.ફિલ કરતો છોકરો ચણા ચાટ બનાવીને વેચતો હતો. હવે માશાઅલ્લાહ, તેનું પોતાનું રેસ્ટોરન્ટ છે.

અહમદનો મિત્ર વાત કરી રહ્યો હતો અને બધા તેને જોઈ રહ્યા હતા.

જે પોતાની મદદ પોતે કરે છે, અલ્લાહ પણ તેમની મદદ કરે છે.

તું ક્યારથી નોકરીની શોધમાં છે? પણ ક્યારેય પોતાનો વ્યવસાય શરૂ કરવાનું વિચાર્યું નથી? કોઈ કામ નાનું કે મોટું હોતું નથી, આપણી વિચારસરણી નાની-મોટી હોય છે. તું અલ્લાહનું નામ લઈને ચાટ, સમોસા, પકોડાનો કોર્નર શરૂ કર. અલ્લાહ પર વિશ્વાસ રાખ. અમે બધા તારી મદદ કરીશું અને અલ્લાહની મદદ પણ તારી સાથે રહેશે.

મિત્રની વાત સાંભળીને બધાના ચહેરા ખુશ થઈ ગયા અને અહમદના ચહેરા અને દિલમાં શાંતિનો અનુભવ થયો.

નવા વર્ષની શરૂઆતમાં આટલી આશાવાદી વાત સાંભળીને અહમદનું મન ખુશીથી ભરાઈ ગયું અને તે પોતાના અલ્લાહ સમક્ષ સિજદો કરવા ગયો.જેણે તેને સાચો રસ્તો બતાવ્યો હતો અને હંમેશાંની નિરાશામાંથી બહાર કાઢીને એક આશાની નવી કિરણ આપી હતી.

સવારના નમાઝ પઢીને જ્યારે તે શહેર જવા નીકળ્યો ત્યારે તેણે તેના મિત્રોને પોતાની રાહ જોતાં જોયા. તે આશ્ચર્યચકિત થઈ ગયો કે આ બધા અહીં કેમ અને તે પણ એટલી વહેલી સવારે.

એટલામાં એક મિત્ર આગળ વધ્યો જેના હાથમાં એક પોટલી હતી. તેણે તે પોટલી અહેમદ તરફ વધારી.

''લે, આ નવા વર્ષની પાર્ટી માટે અમે બધા મિત્રોએ એકઠા કર્યા હતા. આ લે અને સામાન ખરીદવાનું શરૂ કર. અમે બધા જગ્યાની વ્યવસ્થા કરી લઈશું.''

મિત્રની વાત સાંભળીને તેણે હાથ એકદમ પાછળ કર્યા.

''ના, યાર, હું આ લઈ શકતો નથી. હું મારી મહેનતથી કમાઈશ. આ તમે લોકો તમારી પાર્ટી માટે ભેગા કર્યા છે. આના પર તમારો હક્ક છે. હું તમારી પાર્ટી બગાડવા માંગતો નથી.''

મસ્જિદની બહાર બધા ઊભા હતા. નમાઝીઓ એક-એક કરીને બહાર આવીને ઊભા થવા લાગ્યા. એક જોરદાર ભીડ જામી ગઈ.

અમારી પાર્ટી ખરાબ નહીં થાય, પણ પાર્ટીની મજા તો હવે આવશે. કાલે નવા વર્ષની શરૂઆત થઈ રહી છે. જગ્યા અમે પસંદ કરી લીધી છે. બાકી બધું તૈયાર છે. બસ તુ તારો સામાન ખરીદીને લાવ જે ભજીયા, સમોસા અને ચા વગેરે બનાવવા માટે જરૂરી હોય છે.

દોસ્તની વાત સાંભળીને અહમદની આંખોમાં ખુશીના આંસૂ આવી ગયા.

બધા ગામવાળા નમાઝ પઢીને ત્યાં જ એકઠા થઈ ગયા.

કાલે અમે આપ સૌને એક દાવતમાં બોલાવી રહ્યા છીએ જે ગામના મશહૂર ચોકમાં છે.

બધા ગામવાળા ખુશીથી તાળીઓ પાડીને ત્યાંથી ચાલ્યા ગયા.

બીજા દિવસે જ્યારે ગામવાળા નિકળ્યા તો દરેક તરફ શોરબકોર હતો.

(અનુસંધાન પાન. ૩૧ ઉપર )

Online

# NAZRA QURAN & ISLAMIC EDUCATION

## UNDER THE GUIDANCE OF EXPERIENCED ULAMA

### Course Features

- Nazra Quran with proper pronunciation
- Basic knowledge of Aqaid (Beliefs) and Ibadat (Rituals)
- Understanding of Seerah and Islamic History
- Fundamentals of Fiqh and daily life
- Emphasis on refining morals and character
- Learn about social values in everyday life



### Why Choose Us?

- Individualized 1 to 1 Online Classes
- Supervised by Holistic Education Trust
- Female Teachers for girls
- Comprehensive Islamic education and training

FILL OUT THE GOOGLE FORM
& CONTACT US AT
91-8920946931

ENROLL NOW

**Holistic Education Trust**

www.taleemibaord.org
parttimemaktabhq@gmail.com
+91-8920946931

D-321, Dawat Nagar, Abul Fazal Enclave, Jamia Nagar, Okhla, New Delhi-110025


## ઇસ્લામી સાહિત્ય પ્રકાશન (ગુજરાત)નું નવીન પ્રકાશન

# રાહે અમલ

**વિખ્યાત આલિમે-દીન મૌલાના જલીલ અહસન નદવી રહ.એ સંકલિત કરેલ હદીસોનો લોકપ્રિય અને પ્રમાણિત હદીસ-સંગ્રહ 'રાહે અમલ' હવે સરળ અને ભાવપૂર્ણ ગુજરાતી અનુવાદ અને સંક્ષિપ્ત સમજૂતી સાથે ઉપલબ્ધ.**

**નબી કરીમ ﷺની હદીસોમાંથી ચૂંટેલ હદીસોનો ખજાનો, જેમાં વ્યક્તિગત અને સામૂહિક જીવનના દરેક પાસાથી સંબંધિત માર્ગદર્શન આપવામાં આવેલ છે.**

₹ 250/-




**જે વ્યક્તિ પોતાની અને સમાજની સુધારણા ઈચ્છતો હોય તેના માટે અણમોલ પુસ્તક.**

**+91 878 066 1963**

# ZONAL LEADERS
## 2025-2026



Munawwar Hussain
(Zonal President)



Danish Khan
(Zonal Secretary)

## Secretaries



Ibrahim Sheth



Rashid Qureshi



Sadiq Shaikh



Faisal Ansari

મુનવ્વર હુસૈન, સ્ટુડન્ટ્સ ઇસ્લામિક ઓર્ગેનાઇઝેશન ઓફ ઇન્ડિયા (ગુજરાત ઝોન)ના નવા પ્રદેશ અધ્યક્ષ

IF UNDELIVERED PLEASE RETURN TO :
**Yuvasaathi (Gujarati Monthly)**
B-4, Karishma Complex, Sarani Society Corner,
132 ft. Ring Road, Juhapura, Ahmedabad -380055